



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Isuue- 77 | AD-2021, Magshar Vad -1 Monday, Dt. 20-12-2021 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


# ઓમિક્રોનના કહેર વચ્ચે દિલ્હીમાં ૨૪ કલાકમાં ૧૦૭ કોરોના પોઝીટીવ

## ૧૫ જુન બાદ પહેલી વાર કોરોનાના ૧૦૦થી વધુ કેસ

નવી દિલ્હી, તા. ૧૯



દેશમાં કોરોના વાયરસના ઘાતક ઓમિક્રોન વેરિયન્ટની આફત વધી રહી છે. અત્યાર સુધીમાં દેશમાં કુલ ૧૪૫ કેસો નોંધાયા છે. આ સાથે જ ભારત બેવડા ખતરાનો સામનો કરી રહ્યું છે. પહેલો ખતરો સરકારની નીતિઓનો છે. અને બીજો ખતરો પ્રજાની બેદરકારીનો છે.

દિલ્હી સ્વાસ્થ્ય મંત્રાલયે આપેલી માહિતી અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૦૭ કેસ આવ્યા અને કોરોના સંક્રમણ દર ૦.૧૭ ટકા થઈ ગયો છે. છેલ્લા છ મહિના દરમિયાન કોઈ એક દિવસમાં કોરોનાના સૌથી વધારે કેસ આવ્યાં છે. આ પહેલા ૨૫ જુને એક દિવસમા કોરોનાના ૧૧૫ કેસ આવ્યાં હતા અને ૨૨ જુને સંક્રમણ દર ૦.૧૯ ટકા હતો. દિલ્હીમાં ૧૦ દિવસ બાદ કોરોનાથી કોઈ મોત થયું નથી.

નિષ્ણાતો કોરોનાના નવા વેરિએન્ટના રુપમાં મહામારીની ત્રીજી લહેર ફેલાવવાની ચેતવણી આપી રહ્યા છે. તેમણે ચેતવણી આપી છે કે ફેબ્રુઆરીમાં તે પીક પર હશે. હાલ દેશમાં ઓમિક્રોનની સંખ્યા ભલે ૨૦૦ની અંદર છે. પરંતુ બ્રિટન સહિત યુરોપમાં તેની પવનવેગી ઝડપ જોતા લાગી રહ્યું છે કે આવનારા દિવસોમાં નવા સ્ટ્રેનના કેસો હજારોમાં પહોંચી શકે છે. ગઈકાલે શનિવાર સુધી દેશમાં ૧૪૩ કેસમાંથી સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૪૮ કેસ થયા. જ્યારે બીજા નંબરે દિલ્હીમાં ૨૨ અને ત્રીજા નંબરે તેલંગાણામાં ૨૧ કેસ થઈ ગયા છે. આ બંને રાજ્યોમાં ઝડપથી ઓમિક્રોન પગપેસારો કરી રહ્યો છે.

શનિવારે ૩૦ નવા કેસોમાંથી ૧૨ તેલંગાણામાં, મહારાષ્ટ્રમાં ૮, કર્ણાટકમાં ૬ અને કેરળમાં ૪ નવા કેસનો સમાવેશ થાય છે. દેશના ૧૨ રાજ્યોમાં ઓમિક્રોનની પુષ્ટિ થઈ ગઈ છે.

# મારો ફોન રેકોર્ડ થઈ રહ્યો છે અખિલેશ યાદવનો આરોપ

મૈનપુરી,તા.૧૯

મૈનપુરીમાં સમાજવાદી પાર્ટીના નેતા જૈનેન્દ્ર યાદવ, બિઝનેસમેન રાહુલ ભસીન અને મનોજ યાદવના ઘરે આવકવેરાના દરોડા પડ્યા છે. બીજા દિવસે પણ પાર્ટી સુપ્રીમો અખિલેશ યાદવે SP નેતાઓ પર ઈન્કમ ટેક્સના દરોડાને બદલો લેવાનું કૃત્ય ગણાવ્યું છે. અખિલેશ યાદવે પ્રેસ કોન્ફરન્સ કરીને ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધી કહ્યું કે ભાજપ જ્યાં ચૂંટણી હારે છે ત્યાં ED અને CBIનો દુરુપયોગ કરે છે. અખિલેશ યાદવે યોગી સરકાર પર મોટો આરોપ લગાવ્યો છે. યુપી સરકાર પર સવાલો ઉઠાવતા તેમણે કહ્યું છે કે તેમના ફોન કોલ્સ સરકાર રેકોર્ડ કરી રહી છે.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૦-૧૨-૨૦૨૧

### ચૂંટણી માટે વહીવટી તંત્ર અને પોલીસ તંત્રની કાબીલેદાદ કામગીરી

# જિલ્લામાં ગ્રા.પં.ની ચૂંટણીમાં એકંદરે શાંતિપૂર્ણ મતદાન

## ગ્રા.પં.ની ચૂંટણીમાં મતદાતાઓએ મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરી, ચિતલમાં ૫૭ ટકા જેવુ મતદાન

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લામાં પેટા ચૂંટણી સાથે ૫૨૭ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાવાની હતી પરંતુ ચૂંટણી પૂર્વે રાજકિય આગેવાનો અને ગ્રામજનોની એકતાને કારણે ૯૮ જેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ જતા ચૂંટણી પૂર્વે વહીવટી તંત્રને રાહત થઈ હતી પરંતુ બાકીની ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં આજરોજ મતદાન યોજાયુ હતું. જેમાં અમરેલી જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં કોઈપણ અનિચ્છનીય ઘટના બનવા પામી નહોતી જેથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર થતાની સાથે જ ગ્રામ્ય વિસ્તારો ચૂંટણીના માહોલમાં રંગાયા હતા અને સરપંચ બનવા માટે



ઉમેદવારોએ પોતપોતાની જીતના દાવા રજૂ કર્યા હતા. ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈ ઉમેદવારોની સાથે મતદારોમાં અભૂતપૂર્વ ઉત્સાહ દેખાતો હતો. સુરત, અમદાવાદથી બસ ભરીને વતનમાં મતદાન કરવા મતદારો ઉમટી પડયા હતા. ઉમેદવારો અને મતદારોએ લોકશાહી પર્વની શાનદાર ઉજવણી કરી હતી જેમાં વહીવટી તંત્ર અને પોલીસ તંત્રની કામગીરી કાબીલેદાદ રહી હતી. તંત્ર દ્વારા એક દિવસ પહેલા જ મતદાન મથકે મતદાનના જરૂરી સાહિત્ય સાથે બુથ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓને રવાના કરી દેવાયા હતા. મતદાન પૂર્ણ થયા બાદ મતગણતરીના સ્થળે પોલીસ બંદોબસ્ત સાથે મતપેટીઓને લાવવામાં આવી હતી. મતગણતરી સ્થળે પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. બહારગામથી આવેલા મતદારો પણ લોકશાહીના પર્વની ઉજવણી કરી પોતપોતાના શહેર તરફ રવાના થઈ ગયા હતા.

# નાના માચીયાળા ગામે મતદાનની સાથે વેક્સિનેશન ઝુંબેશ કાર્યક્રમ

અમરેલી,તા.૧૯

અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે કોરોના સામે રક્ષણ મળી રહે તે માટે મતદાનની સાથે વેક્સિનેશન ઝુંબેશ કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જિલ્લામાં હજુ અનેક લોકો કોરોના વેક્સિન લેવામાં ઉદાસીન વલણ દાખવી રહ્યાં




છે. રાજયમાં દિવસેને દિવસે કોરોનાના કેસો વધતા જતા હોવાથી આરોગ્ય તંત્રએ કોરોના વેક્સિનેશન માટે અનેકવાર અપીલ કરી છે પરંતુ હજુ પણ વેક્સિનેશનની કામગીરી પૂર્ણ થઈ ન હોવાથી તંત્ર દ્વારા નવો અભિગમ અપનાવાયો હતો. જેને તાલુકા પંચાયત ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠિવાળે અભિનંદન પાઠયાવ્યા હતા.

# અમરેલી જિલ્લામાં બે સિંહબાળના મોત નિપજતા સિંહપ્રેમીઓમાં અરેરાટી

### તુલસીશ્યામ રેન્જમાંથી દીપડાનો મૃતદેહ મળતા વનવિભાગ ચોંકી ઉઠયો

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લાના ગીર કાંઠામાં સિંહબાળ પર જાણે માઠી



બેઠી હોય તેમ સિંહબાળના મોતનો સિલસિલો અટકતો નથી. ધારી ગીર પૂર્વ દલખાણીયા રેન્જના દીપડીયા રેવન્યૂ વિસ્તારમાં વનવિભાગને પાંચથી છ માસના બે સિંહબાળના મૃતદેહ મળ્યા હતા. સિંહબાળ બંને સિંહણ હોવાનું જાણવા મળ્યુ હતું. સિંહોની ઈનફાઈટમાં સિંહબાળના મોત થયાનો પ્રાથમિક અંદાજ લગાવાઈ રહ્યો છે. સિંહબાળના મોતથી સિંહપ્રેમીઓમાં અરેરાટી પ્રસરી જવા પામી છે, તો તુલસીશ્યામ રેન્જમાં ખડાધાર રેન્જમાં વનવિભાગ પેટ્રોલીંગમાં હતો ત્યારે દીપડાનો મૃતદેહ મળી આવતા વનતંત્ર ચોંકી ઉઠયુ હતુ. દીપડાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

# જિલ્લામાં સરપંચપદ અને સભ્યપદના ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લામાં ૯૮ ગ્રામ પંચાયત સમરસ થતા ૪૨૭ ગ્રામ પંચાયતોમાં આજરોજ ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણી જાહેર થતાની સાથે સરપંચપદ અને સભ્યપદના ઉમેદવારોએ પોતપોતાની જીતના દાવા સાથે ચૂંટણી ફોર્મ ભર્યા હતા અને મતદાન સમય સુધી મતદારોને પોતાને મત આપવા



માટે વિનવણી કરતા નજરે પડતા હતા. સાંજના ૬ વાગ્યે મતદાન સમય પુરો થઈ ગયા બાદ તમામ મતપેટીઓ મતગણતરી સ્થળે લવાઈ હતી અને સરપંચપદ અને સભ્યપદના ઉમેદવારોનું ભાવિ મતપેટીઓમાં સીલ થયુ હતું. મતદારોએ કોના પર જીતનો કળશ ઢોળ્યો છે તે આગામી તા. ૨૧ને મંગળવારે મતગણતરી બાદ ખબર પડી જશે. હાલ તો ઉમેદવારો પોતાની જીતના દાવા કરી રહ્યાં છે.

# સાવરકુંડલાથી રવાના થયેલ પદયાત્રા સંઘ વીરપુર પહોચ્યો





અમરેલી,તા.૧૯

સાવરકુંડલામાંથી રવાના થયેલ પદયાત્રા સંઘ વીરપુર જલારામ મંદિર ખાતે પહોચ્યો હતો. જયાં જલારામબાપાના મંદિરે શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. પદયાત્રા સંઘમાં ૧૩ વર્ષનો બાળક પણ જોડાયો હતો.

# મતદાનના સમયને લઈ મહિલા કર્મચારીઓને પડી ભારે મુશ્કેલી

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં આજરોજ ૧૦ હજાર કરતા વધારે ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં મતદાનના સમયને લઈ મહિલા કર્મચારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. ચૂંટણી પંચે મતદાનનો સમય સવારના ૭થી સાંજના ૬ વાગ્યા સુધીનો રાખ્યો હોવાથી મહિલા કર્મચારીઓને આ સમય દરમિયાન ભારે ભયનો સામનો કરવો પડયો હતો. મતદાન સમયે બુથ અધિકારીઓ દ્વારા સવારના ૬ વાગ્યે મતદાન મથકે આવી જવા માટે મહિલા કર્મચારીઓને સૂચના આપવામાં આવી હતી પરંતુ આ સમયે કાતિલ ઠંડી પડતી હોવાથી સવારના ૬ વાગ્યે મતદાન મથકે પહોંચવું મહિલા કર્મચારીઓ માટે કઠીન પડયુ હતું તો અમુક મહિલા કર્મચારીઓને દુરના ગામડાઓ ફાળવાયા હોવાથી અંધારામાં અને વન્ય પ્રાણીઓના ભય વચ્ચે મતદાન મથકે પહોંચવાની ફરજ પડી હતી. આમ, મતદાન સમયને લઈ મહિલા કર્મચારીઓને ભારે મુશ્કેલી પડી હતી.

# સાવરકુંડલામાં શ્રમજીવીનગર-ઘનશ્યામનગર વચ્ચેનો પુલ કયારે બનશે? લોકોનો સવાલ

અમરેલી,તા.૧૯

સાવરકુંડલાના વોર્ડ નં.૩માં બે વિસ્તારોને જોડતો પુલ કયારે બનશે તેવો સવાલ બંને વિસ્તારના લોકોએ ઉઠાવ્યો છે. શહેરના વોર્ડ નં.૩માં પુલના અભાવે આ વિસ્તારના લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે. પુલ પરની



જગ્યાએ માટીકામ કરેલ હોવાથી અવરજવર કરવામાં લોકો ભારે ભય અનુભવી રહ્યાં છે. પાલિકાના સદસ્યએ પુલ બનાવવા માટે અવારનવાર રજૂઆતો કરી છે પરંતુ પાલિકાના પેટનું પાણી હલતુ નથી. મતદાન સમયે મસમોટી વાતો કરનારા અન્ય સદસ્યો પુલ બનાવવા માટે આગળ આવે તેવુ લોકો ઈચ્છી રહ્યાં છે.

# કોરિયાના વતનપ્રેમી તરફથી અમરેલી સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સની ભેટ

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લાની અદ્યતન સારવાર આપતી શાંતાબા ગજેરા સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા માટે જિલ્લાના દરેક તાલુકાઓમાંથી દર્દીઓ આવતા હોય છે. જેમાં ગરીબ દર્દીઓને ખાનગી એમ્બ્યુલન્સનું મસમોટુ ભાડુ ચુકવવુ પડતુ





હોવાથી કોરિયાના વતનપ્રેમી રવિન્દ્રભાઈએ અમરેલી સિવિલ હોસ્પિટલની મુલાકાત વેળાએ એમ્બ્યુલન્સની ભેટ આપી હતી. વતનપ્રેમીના હસ્તે જ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. જેથી દર્દીઓને વધુ સારવાર અર્થે અન્ય શહેરોમાં જવુ પડે તો રાહત દરે જઈ શકશે. એમ્બ્યુલન્સ ગરીબ દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ, વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

॥ શ્રી વલ્લભ ॥



જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ, અમરેલી ફો. 7574827300

જૈન ઇરિગેશન સિસ્ટમ્સ લિ.
નાના નાના સોપાન, સર કરે આસમાન
ટપક પદ્ધતી, મીની ફુવારા, ફુવારા પાઈપ
સરકારશ્રીની ૭૦ % થી ૮૫ % સુધીની
સબસીડીમાં ઉપલબ્ધ*
કેળાના જૈન ટિસ્યુ રોપા
ઓર્ડર ઉપર મંગાવિ આપીશુ.



જુના અને જાણીતા ૩૦ વર્ષના અનુભવી ડિલર
પૂજા ઈરીગેશન - અમરેલી
માણેકપરા, ભગવતીચોક, સુદર્શન હોસ્પિટલની બાજુમાં,
સંપર્ક સુત્ર : ખોડાભાઈ બોરડ, મો. ૯૪૨૭૨ ૬૩૯૮૪, કંપની સંપર્ક સુત્ર - મો. ૯૫૧૦૨ ૦૩૩૯૪

# બાબરા તાલુકામાં આખલાઓને માર મારી મોતને ઘાટ ઉતારવાની ઘટનાઓથી ગૌ પ્રેમીઓમાં રોષ

બાબરા, તા.૧૯

બાબરા તાલુકામાં થોડા સમયથી આખલાઓને મારવાની ઘટનાઓ બનતા ચર્ચા સાથે ચકચાર જાગી છે. બાબરા તાલુકાના થોરખાણની સીમમા કોઈ અજાણ્યા વાડી માલિકોએ ત્રણ આખલાને વિજશોક આપી મોતને ઘાટ ઉતારી અવાવરૂ જગ્યામા ફેંકી દેવાયાની ઘટના બની હતી. ત્યારે ગત રાત્રીનાં બાબરા તાલુકાના વાંડળીયા ગામની સીમમાં એક આખલાને


તસવીર : વિજય માળી

ક્રૂરતાપૂર્વક માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડવામા આવી હતી. જયારે ભીલા ગામ પાસે પણ એક આખલાને વાહન સાથે બાંધી ઢસડવામાં આવી રહ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. બાબરા જીવદયા પરિવારના ગજેન્દ્રભાઈ શેખવા, રમેશભાઈ તેરૈયા સહિતની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તાત્કાલિક અસરથી ઈજાગ્રસ્ત આખલાની સારવાર કરી બાબરાની ગૌશાળા ખાતે રાખવામાં આવેલ છે. ત્યારે તાલુકામાં અબોલ પશુઓને ક્રૂરતાપૂર્વક માર મારી મોતને ઘાટ ઉતારનાર તેમજ ગંભીર ઈજાઓ કરનાર વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ સાથે જીવદયા પરિવાર દ્વારા બાબરા પોલીસમાં રાવ કરવામાં આવી છે.

# બગસરા-માણેકવાડા રોડ ઉપર કાર ચાલકે બે બાઈક ચાલકોને ઉલાળતા ૧ નું મોત : ૩ ગંભીર

બગસરા,તા.૧૯

બગસરા બાયપાસ નજીક આવેલા અટલજી પાર્ક પાસે કારચાલકે બેફિકરાઈથી વાહન ચલાવી બે બાઈક ચાલકોને ફંગોળતા એક બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજયુ હતુ. જયારે ત્રણ લોકોને ગંભીર ઈજા પહોંચતા અમરેલી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જાણવા મળતી માહિતી મુજબ સુરતથી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદાન માટે આવેલા દંપતી



તસવીર : વી.કે.સાંગાણી

લખન દેવસીભાઈ સતાસીયા અને તેના પત્ની વર્ષાબેન મતદાન કર્યા પછી ડેરીપીપરીયા ગામે સબંધીને ત્યાં મળવા ગયા હતા જયાંથી પરત નાના મુંજીયાસર આવી રહ્યાં હતા ત્યારે અટલજી પાર્ક પાસે કારચાલકે અડફેટે લીધા હતા કારચાલકે અડફેટે લેતા લખન દેવસીભાઈ સતાસીયાનુ ઘટનાસ્થળે જ મોત થયુ હતુ. તો બગસરાના મનસુખભાઈ માળવી અને તેના છ વર્ષના પુત્રને પણ અડફેટે લેતા ત્રણ લોકોને ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ મારફતે પ્રથમ બગસરા સરકારી દવાખાને અને વધુ સારવાર અર્થે અમરેલી દવાખાને ખસેડવામાં આવ્યા હોવાનુ જાણવા મળ્યુ છે. જેમાં નાના મુંજીયાસરના યુવાનનું મોત થતા ગામમાં શોકનો માહોલ છવાયો છે.

# સા.કુંડલા પાલિકાએ હાઉસ ટેક્સ ન ભરનાર ૨૦ના નળ કનેક્શન કાપ્યા

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા નગરપાલિકાએ હાઉસ ટેક્સની રકમ ન ભરનારા આસામીઓ સામે લાલઆંખ કરી છે. પાલિકા દ્વારા એક જ દિવસમાં શહેરમાં હાઉસ ટેક્સની રકમ ન ભરનારા ૨૦ આસામીઓના નળ કનેક્શન અને ૧૦ વ્યક્તિઓને વોરંટ બજવણી કરતા બાકીદારોમાં ફફડાટ ફેલાયો હતો. ઉલ્લેખનીય છે કે, સાવરકુંડલા નગરપાલિકામાં હાઉસ ટેક્સ, પાણીવેરો અને લાઈટ વેરો સહિત લાખો રૂપિયાની રકમ



શહેરમાંથી બાકીદારો પાસેથી લેવાની નીકળતી હોય અને અનેકવાર ઉઘરાણી કરવા છતાં રકમ ન ભરનાર આસામીઓ સામે પાલિકા કર્મીઓ દ્વારા કાર્યવાહી કરાતા બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

# અમરેલીના વરસડા નજીક કાર અને ટ્રક વચ્ચે અકસ્માત



અમરેલી, તા.૧૯

અમરેલી-લાઠી માર્ગ પર આજે વહેલી સવારે અકસ્માત બન્યાની ઘટના સામે આવી હતી. મળતી માહિતી મુજબ આજે વહેલી સવારે અમરેલીથી લાઠી માર્ગ પર આવેલા વરસડા નજીક કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં વેગનઆર કારના હેડલાઈટ સહિત બોનેટવાળા ભાગને ભારે નુકસાની થઈ હતી. સદનસીબે અકસ્માતની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

# કૃષિ મહાવિદ્યાલય મોટા ભંડારીયા ખાતે કોવીડ ટેસ્ટ અને માર્ગદર્શન કેમ્પ યોજાયો

અમરેલી, તા.૧૯

કૃષિ મહાવિદ્યાલય ખાતે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી-મોટા ભંડારીયા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-જાળીયાનાં સંયુક્ત ઉપક્રમે પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે કોવીડ-૧૯ સામે તકેદારીના ભાગરૂપે માર્ગદર્શન અને આરટીપીસીઆર ચકાસણી કેમ્પ યોજાયો હતો. જેમાં કુલ ૨૯ વિદ્યાર્થીઓએ કોરોના




ટેસ્ટ કરાવ્યો હતો. આ સાથે કોરોના ગાઈડલાઈનના પાલન અને તકેદારી અંગે વિસ્તૃત જાણકારી આપી માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડો. વી.સી.ગઢિયા અને પ્રો.મયુર કાનાણીએ કર્યું હતું.

# એક સો એક વર્ષનાં માજીએ લોકશાહીના પર્વે કર્યું મતદાન



સાવરકુંડલા, તા.૧૯

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના પાટી ગામે આજે એકસો એક વર્ષના બોરિસાગર સવિતાબેન મોહનભાઈએ મતદાન કર્યું હતું અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી. એકસો એક વર્ષના આ માજીએ લોકોને લોકશાહીમાં મતદાન કરવા પ્રેરણા પૂરી પાડી હતી.

# અમરેલીમાં ૮ લાખનાં વેરા અને ભાડાની રકમ ન ભરનાર વેપારીની પેઢી કરાઈ સીલ

અમરેલી, તા.૧૯

અમરેલીમા નગરપાલિકા દ્વારા બાકી વેરા અને ભાડાની રકમ વસુલવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. ત્યારે આજે નગરપાલિકા દ્વારા શહેરના વેપારી સોનપાલ બ્રધર્સની શિવ ઈન્ડસ્ટ્રીઝનો વેરો અને ભાડાની બાકી રકમ આઠ લાખ વસુલવા સીલ કરી દેતા બાકીદારોમા ફફડાટ ફેલાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ અમરેલી પાલિકાનાં ચીફ ઓફિસર ઉદય નસીત તેમજ



કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવાએ બાકી વસુલાત માટે કોઈપણની શેહ-શરમ રાખ્યા વગર વસુલાતની કામગીરી અંગે કરવામાં આવેલ તાકીદના પગલે વેરા અધિકારી દિલીપ વઘાસીયા સહિતના પાલિકા કર્મીઓએ ખાસ વસુલાતની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં વેરાની બાકી રકમ રૂા. ૭.૫૦ કરોડ અને ભાડાની બાકી રકમ રૂા. ૫૦ લાખની વસુલી કરવા પાંચ હજાર બાકીદારોને નોટીસો ફટકારવામાં આવી હતી. ત્યારે બાકી રકમ ભરવાની દરકાર નહી કરનાર વેપારી સોનપાલ બ્રધર્સનાં માલિક ભરતભાઈ નંદલાલ સોનપાલ અને મનોજ વસંતલાલ સોનપાલની શિવ ઈન્ડસ્ટ્રીઝની બાકી વેરાની રકમ રૂા. ૮ લાખ વસુલવા સીલ કરવામાં આવી હતી.

# ધારી વકીલ મંડળના પ્રમુખ તરીકે સતત નવમી વખત વાળાની વરણી

ધારી, તા.૧૯

ધારી કોર્ટ ખાતે ધારી વકીલ મંડળની ચૂંટણીલક્ષી બેઠક મળી હતી. જેમાં તમામ સિનીયર, જુનિયર વકીલોની ઉપસ્થિતિમાં ધારી વકીલ મંડળના પ્રમુખ તરીકે વનરાજભાઈ વાળા, ઉપપ્રમુખ તરીકે સલીમભાઈ જામ, સેક્રેટરી તરીકે રવિભાઈ જોષી અને ખજાનચી તરીકે ભાવિશાબેન મહેતાની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ધારી વકીલ મંડળમાં બારને લગતા ઉત્તમ અને ઉમદા કાર્ય કરવા બદલ વનરાજભાઈ વાળાની સતત



નવમી વખત બિનહરિફ પ્રમુખ પદે વરણી કરવામાં આવી છે. વકીલ મંડળમાં પ્રમુખ સહિતનવા વરાયેલા તમામ હોદેદારોને ધારીના સિનિયર, જુનિયર વકીલો અને કોર્ટ કર્મચારીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# બગસરાના હડાળા ગામે કાલે ફેર મતદાન

અમરેલી, તા.૧૯

બગસરા તાલુકાના હડાળા ગામે બેલેટ પેપર બદલાઈ જતા બુથ નં.૨ ની ચૂંટણી રદ કરવામાં આવી છે. જેથી હવે આ બુથમાં આવતીકાલે ફરીથી ચૂંટણી યોજાશે. જાણવા મળતી માહિતી મુજબ, બગસરા તાલુકાના હડાળા ગામે આજરોજ બે બુથમાં ચૂંટણી યોજાઈ હતી. વહેલી સવારથી જ મતદાન કરવા માટે મતદારોનો ધસારો જોવા મળ્યો હતો. પરંતુ થોડા સમય બાદ હડાળાના બુથ નં.૨ માં બેલેટ પેપર બદલાઈ ગયા હોવાનું બુથ પરના અધિકારીઓના ધ્યાને આવ્યું હતું. જેથી બુથ અધિકારીઓએ તાત્કાલિક ચૂંટણી અધિકારીને આ બાબતે જાણ કરી હતી. જેથી આ ઘટના ગંભીરતાથી લઈ તાત્કાલિક બુથ નં.૨ની ચૂંટણી રદ કરવામાં આવી હતી. આ બુથ પર હવે આવતીકાલે ચૂંટણી યોજાશે.

# રાજુલામાં ભીડભંજન મહાદેવ મંદિર ખાતે આજે હોમાત્મક લઘુરૂદ્ર યોજાશે

અમરેલી, તા.૧૯

કોરોનામાં મૃત્યુ પામેલા લોકોના આત્માની શાંતિ માટે રાજુલામાં ભીડભંજન મહાદેવ મંદિર ખાતે મંદિર સમિતિ દ્વારા આજે હોમાત્મક લઘુરૂદ્રનું માગશર વદ એકમ ને સોમવારના રોજ સવારે ૯ થી સાંજના ૫ સુધી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોના મહામારીમાં મૃત્યુ પામેલા લોકોની આત્માની શાંતિ અર્થે યોજાનાર આ હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞમાં રાજુલા શહેર તથા આસપાસના




વિસ્તારોની ધર્મપ્રેમી જનતાને દર્શન તથા પ્રસાદનો લાભ લેવા મંદિર સમિતિ દ્વારા જાહેર આમંત્રણ પાઠવ્યું છે. તથા આગામી દિવસોમાં આ મંદિરનો વિકાસ કરવામાં આવશે તેમ મંદિર સમિતિની યાદીમાં જણાવાયું હતું.

# ખારી ગામે વહુ સાથે લાકડા કાપવા ગયેલી સાસુ લાપતા

બગસરા, તા.૧૯

બગસરા તાલુકાના ખારી ગામે વહુ સાથે લાકડા કાપવા ગયેલી સાસુ ગુમ થઈ હતી. આ અંગે પોલીસમાં દલસુખભાઈ ચુડાસમાએ જાહેર કર્યા મુજબ, તા.૭ ના રોજ બપોરે તેમના પત્ની નિર્મળાબેન તેમની પુત્રવધુ સાથે લાકડા કાપવા ગયા હતા. લાકડા કાપતા એકબીજા છુટા પડી ગયા હતા અને ત્યારથી લઈ તેમના પત્નીની આજદિન સુધી કોઈ ભાળ મળી નથી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય,
સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નીર્મળ સાવલીયા
૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા
૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર,
જિલ્લા પંચાયત રોડ,
અમરેલી




આપના સ્વપ્નનાં ઘરનું સરનામું એટલે...
હાસ ઈન્ફ્રાટેક પ્રા.લી. અમરેલી
2 BHK રો- હાઉસ




અદ્યતન બાંધકામ
સાથેની સુવિધાઓ...
નીચે માસ્ટર
હોલ - કિચન
ઉપર બે બેડરૂમ
ટાઈટલ કલિયર
સબસીડીને પાત્ર,
આપનાં બજેટમાં
હવા ઉજાસવાળા રો-હાઉસ તે પણ
આકર્ષક એલીવેશન સાથે...
વધુ માહિતી તથા બુકીંગ માટે સંપર્ક
હિંમતભાઈ સોળીયા દિવ્યેશ ગોજારીયા
૯૯૭૪૭ ૨૯૦૦૭

જિલ્લાની ૪૨૯ ગ્રામ પંચાયતોમાં યોજાયેલ મતદાનની ટકાવારી જાહેર

# અમરેલી જિલ્લાની ગ્રામ પંચાયતમાં સરેરાશ ૭૦ ટકા મતદાન

### મતદાન બાબતે પુરૂષોની જેમ મહિલાઓએ પણ જબરો ઉત્સાહ દેખાડ્યો

અમરેલી તા.૧૯

અમરેલી જિલ્લાની ૪૨૯ ગ્રામ પંચાયતોમાં આજ રોજ મતદાન યોજાયું હતું. વહેલી સવારે ૭ વાગ્યાથી મતદારો મતદાન મથકે પહોંચી ગયા હતાં. શરૂઆતના બે કલાકમાં મતદાન માટે મતદારોએ અભૂતપૂર્વ ઉત્સાહ દેખાડતા લાંબી લાઈનો લાગી હતી. ત્યારબાદ સમયાંતરે મતદારોએ મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરી હતી. સાંજના પાંચ વાગ્યા સુધીમાં અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાની ગ્રામ પંચાયતોની ટકાવારીના આંકડા જાહેર થયા હતાં. જેમાં અમરેલી જિલ્લાની ગ્રામ પંચાયતમાં સરેરાશ ૭૦ ટકા જેટલું મતદાન નોંધાયું હતું. મતદાનમાં પુરૂષોની જેમ મહિલાઓએ પણ જબરો ઉત્સાહ દેખાડ્યો હતો.ચૂંટણીની કામગીરી પૂર્ણ થયા બાદ ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ મતપેટીઓ લઈ પોલીસ બંદોબસ્ત સાથે મતગણતરી સ્થળે પહોંચી ગયા હતાં.



### ફરજ બજાવતાં કર્મચારીઓની વહારે આવતાં ગ્રામજનો

અમરેલી જિલ્લાની ગ્રામ પંચાયતોમાં આજરોજ મતદાન કામગીરી હોવાથી તાલુકાના વિવિધ ગામોના કર્મચારીઓ અરસપરસ ગામોમાં ફરજ બજાવવા આવ્યાં હતાં. ફરજ બજાવનાર કર્મચારીઓને કોઇ મુશ્કેલી ન પડે તે માટે ભોજન, ચા, પાણી સહિતની સુવિધાઓ અનેક ગામોમાં પુરી પાડવામા આવી હતી. ગ્રામજનોના સહકાર બદલ કર્મચારીઓએ પણ ગ્રામજનોનો આભાર માન્યો હતો.

### તાલુકા વાઇઝ ગ્રામ પંચાયતની ટકાવારી

| તાલુકો | ટકાવારી | તાલુકો | ટકાવારી |
|---|---|---|---|
| અમરેલી | ૬૭.૩૩ | સાવરકુંડલા | ૬૯.૮૫ |
| કુંકાવાવ - વડીયા | ૭૦.૭૪ | લીલીયા | ૭૦.૪૨ |
| લાઠી | ૬૮.૦૮ | રાજુલા | ૭૧.૩૨ |
| બાબરા | ૭૪.૭૫ | જાફરાબાદ | ૭૫.૮૩ |
| ધારી | ૬૫.૮૪ | **પુરૂષો** | **૭૩.૪૪** |
| ખાંભા | ૬૭.૨૯ | **સ્ત્રી** | **૬૬.૫૦** |
| બગસરા | ૬૯.૫૭ | **કુલ** | **૭૦.૧૦** |

## ઝાંઝરડા ગામે માતાની મજાક કરતાં યુવકોને ઠપકો આપતાં હુમલો કર્યો

### જાનથી મારવાની ધમકી આપી લોખંડના પાઇપ વડે માર માર્યો

રાજુલા, તા.૧૯

રાજુલામાં રહેતા અને હિરા ઘસવાનું કામ કરતાં એક યુવકે ઝાંઝરડા ગામના યુવકોને તેની માતાની મજાક કરવા બદલ ઠપકો આપ્યો હતો. જેને લઈ તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે બાલાભાઈ વાઘાભાઈ પરમાર (ઉ.વ.૩૬)એ ઝાંઝરડા ગામે રહેતા રાજુભાઈ દેવશીભાઈ, જીગ્નેશભાઈ દેવશીભાઈ, કિરણ દેવશીભાઈ સામે ફરિયાદ નોંધાવી છે. જે મુજબ આરોપીએ તેમના બાની મજાક કરતા હતા. જે બાબતે બોલાચાલી થતાં ત્રણેય આરોપીએ તેમને લોખંડના પાઈપ વડે માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ એન. બી.સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

## જિલ્લામાં વાહન અકસ્માતની બે ઘટનામાં બે લોકોના કરૂણ મોત

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં એક જ દિવસમાં વાહન અકસ્માતની બે ઘટના બની હતી. જેમાં એક પુરુષ અને એક મહિલાનું મોત થયું હતું. મૃતક પુરુષ ગઢડા (સ્વામીનારાયણ) મંદિરે પગપાળા ચાલીને જતો હતો ત્યારે અજાણ્યો વાહન ચાલક અડફેટે લઈ ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે લાઠીના નવાગામ ખાતે રહેતા વલ્લભભાઈ ઓધાભાઈ ગઢીયા (ઉ.વ.૬૦) એ અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. જે મુજબ તેમના નાના ભાઈ બાલાભાઈ ગઢીયા પૂનમ ભરવા નવાગામથી ગઢડા સ્વામીનારાયણ મંદિરે પગપાળા ચાલીને જતા હતો તે દરમિયાન અજાણ્યા વાહન ચાલકે નારાયણગઢ ગામે દામનગર-ઠાસા રોડ પર માતંગી કોટન મીલ નજીક ટક્કર મારી હતી. જેના કારણે માથામાં તથા શરીરે ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. દામનગર પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર એચ. એચ.સેગલીયા વધુ તપાસ કરી રહ્યા છે. જીવલેણ અકસ્માતની બીજી ઘટના ખાંભા પંથકમાં બની હતી. ખાંભામાં રહેતા ડો. દાદુભાઈ વીરાભાઈ કાતરીયા (ઉ.વ.૭૦) ચલાલા રોડ પર આવેલા પેટ્રોલ પંપ પાસેથી પત્ની સાથે વોકિંગ કરવા નીકળ્યા હતા ત્યારે પાછળથી આવેલી બોલેરો કારે ટક્કર મારીને ફંગોળ્યા હતા. જેમાં તેમને શરીરે ઈજા થઈ હતી, જ્યારે તેમના પત્નીને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. ખાંભા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર વાય. પી.ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

## ભાડેર ગામે દાહોદ જિલ્લાની શ્રમિક મહિલાનું હાર્ટએટેકથી નિધન

ધારી, તા.૧૯

અમરેલી જિલ્લામાં રાજ્યના અંતરિયાળ જિલ્લાના અનેક લોકો મજૂરી અર્થે આવ્યા છે. ધારીના ભાડેર ગામે મજૂરી અર્થે આવેલી એક મહિલાએ ઓપરેશન કરાવ્યાના ૧૦ દિવસ બાદ હાર્ટ અટેકથી મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. આ અંગે મૂળ દાહોદ જિલ્લાના ફતેહપુરા તાલુકાના ટીડીગોળી વણાસીયા કુઈના અને હાલ ભાડેર ગામે વાડીએ રહીને મજૂરી કરતાં અનીલભાઈ રમેશભાઈ બારૈયા (ઉ.વ.૨૯) એ જાહેર કર્યા મુજબ, દસેક દિવસ પહેલા તેમના પત્નીએ નસ સંબંધી ઓપરેશન કરાવ્યું હતું. જે બાદ ડાબા પગે સોજા ચડી ગયા હતા અને દવા લેતા સારું થઈ ગયું હતું. બે દિવસ પહેલા સવારે સાડા નવ વાગ્યાની આસપાસ હાર્ટઅટેક આવતાં મોત થયું હતું. સાવરકુંડલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કે.જે.ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

ગ્રામ્ય પંથકના મતદારોમાં અનેરો ઉત્સાહ

## મતદાન બાદ જાફરાબાદના વાંઢના લોકો સુવિધા માટે ઝંખી રહ્યાં છે

જાફરાબાદ તા.૧૯


તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદ તાલુકાના વાંઢ ગામે આજરોજ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. જેમાં મતદારોએ અનેરો ઉત્સાહ દેખાડ્યો હતો. મતદાન બાદ ગામમાં રોડ પર ભરાતું પાણી, શાળામાં જરૂરી વસ્તુ પુરી પાડવી, સ્મશાન ગૃહ સુધી પાકા રસ્તા બનાવવા, બજારમાં સ્ટ્રેટ લાઈટ લગાડવી, સહિત ગામના વિકાસના કામો પુરા થાય તેવી ગ્રામજનો જે સરપંચ અને ઉમેદવારો ચૂંટાશે તેની પાસે અપેક્ષા રાખી રહ્યાં છે.

## વરિષ્ઠ પત્રકારે ૯૪ વર્ષની વયે મતદાન કરી લોકશાહી પર્વની કરી ઉજવણી

કુંકાવાવ, તા.૧૯



કુંકાવાવના વરિષ્ઠ પત્રકાર કાંતિલાલ ઉમિયાશંકર જોષીએ ૯૪ વર્ષની જૈફ વયે મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરી હતી. કુંકાવાવ ગ્રામ પંચાયતની આજરોજ ચૂંટણી યોજાતા સમાચારપત્રના માધ્યમથી વાંચા આપનાર કાંતિલાલે મતદાન કરી યુવાઓને મતદાન કરવા પ્રેરણા આપી હતી.

રાજ્યના રાજકારણમાં પ્રથમવાર ચાર વર્ષમાં આઠમાં પ્રમુખ!!!

## ભારે રસાકસીના માહોલમાં રાજુલા પાલિકા પ્રમુખપદની આજે ચૂંટણી

રાજુલા, તા.૧૯

રાજુલા નગરપાલિકાની સોમવારના રોજ પ્રમુખપદની ચૂંટણી યોજાનાર છે. ત્યારે ચાર જ વર્ષમાં રાજુલા પાલિકાના આઠમાં પ્રમુખ બદલાવાના છે જે રાજ્યના રાજકારણમાં પ્રથમ વખત ઈતિહાસ સર્જાવા જઈ રહ્યો છે. મળતી વિગતો મુજબ રાજુલા પાલિકામાં ૨૦૧૮ માં કોંગ્રેસના ૨૭ અને ભાજપના એક સભ્ય ચૂંટાઈ આવ્યા હતા. ત્યારે કોંગ્રેસ પાસે સંપૂર્ણ બહુમતી હોવા છતાં કોંગ્રેસના બે ભાગ પડી ગયા હતા અને છેલ્લા ચાર વર્ષમાં આઠ પ્રમુખ બદલવા પડ્યા છે. ત્યારે તાજેતરમાં ઘનશ્યામભાઈ લાખણોત્રાએ રાજીનામું આપતા ફરીથી પ્રમુખપદની ચૂંટણી યોજાવા જઈ રહી છે. જેમાં હાલ છત્રજીતભાઈ ધાખડાની આગેવાનીમાં ૧૬ સભ્યો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. જ્યારે ધારાસભ્ય જૂથ પાસે હાલ બધા સભ્યો છે તેવા સમયે બે જૂથ વચ્ચેની કટોકટીના સમયે પ્રમુખપદની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ત્યારે હવે કોણ પ્રમુખ બની બાજી મારે છે તેના પર સૌની મિટ મંડાઈ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તા. ૨૦-૧૨-૨૦૨૧, સોમવાર, સૂર્યોદય-૦૭:૧૮, સૂર્યાસ્ત-૫:૫૩, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર : આદ્રા

## દૈનિક રાશિફળ

**તા.૨૦-૧૨-૨૦૨૧ સોમવાર**

- મેષ (અ,લ,ઇ) : મધ્યમ દિવસ, આર્થિક લક્ષ્યાંક પાર પડે પણ સામાજીક બાબતો દોડધામ મય, મહિલાવર્ગને યથાવત.
- વૃષભ (બ,વ,ઉ) : કનિષ્ઠ દિવસ, કોઇ બીન જરૂરી સાહસ ન કરવું સામાજીક બાબતો સગવડપ્રદ, મહિલાવર્ગે મૌન સેવવું.
- મિથુન (ક,છ,ઘ) : ઉત્તમ દિવસ, આર્થિક રોકાણની તક મેળવી શકો, સામાજીક સાનુકુળતાં.
- કર્ક (ડ,હ) : ઉત્તમ દિવસ, સામાજીક બાબતો સાનુકુળ, આર્થિક બાબતો યથાવત,.
- સિંહ (મ,ટ) : મધ્યમ દિવસ, લાંબા સમયથી ખેંચાતુ કોઇ કાર્ય પાર પડી શકે, આર્થિક બાબતો સરળ, મહિલાવર્ગને સંભાળવું.
- કન્યા (પ,ઠ,ણ) : કનિષ્ઠ દિવસ, સામાજીક બાબતો દોડધામમય આર્થિક બાબતો ખર્ચાળ.
- તુલા (ર,ત) : મધ્યમ દિવસ, મહિલાવર્ગને અકંદરે લાભકારી દિવસ.
- વૃશ્ચિક (ન,ય) : ઉત્તમ દિવસ, આર્થિક પાસુ લાભપ્રદ રહે, સામાજીક બાબતોમાં સંભાળવું, લાભકારી દિવસ.
- ધન (ભ,ધ,ફ) : મધ્યમ દિવસ, આર્થિક પાસુ ખર્ચાળ રહેવા છતા સામાજિક બાબતો સુવિધાપ્રદ,શાંત દિવસ.
- મકર (ખ,જ) : ઉત્તમ દિવસ, કોઈ અનપેક્ષિત લાભ આવી મળે, સામાજીક બાબતો સુવિધાપ્રદ.
- કુંભ (ગ,શ,સ) : મધ્યમ દિવસ, સામાજીક બાબતોમાં કાળજી લેવી આર્થિક બાબતો થોડી ખર્ચાળ, મહિલા વર્ગને સંભાળવુ.
- મીન (દ,ચ,ઝ,થ) : બીનજરૂરી આર્થિક સાહસ ટાળવું સામાજીક બાબતો એકંદરે સરળ, મહિલા વર્ગને યથાવત.

## જિલ્લામાંથી લથડિયા ખાતા બે પકડાયા

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં પોલીસે નશાખોરો પર બોલાવેલી તવાઈનું પરિણામ જોવા મળ્યું હોય તેમ માત્ર બે જ શરાબી પકડાયા હતા. સરંભડા ગામેથી અને જુની હળિયાદ ગામેથી એક-એક મળી બે લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે પ્રોહિબીશન અંતર્ગત ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

## દલખાણીયાની સગીરાને નાના જીંજુડાનો શખ્સ ભગાડી ગયો

ધારી, તા.૧૯

અમરેલી જિલ્લામાંથી સગીરાને ભગાડી જવાનો સિલસિલો યથાવત છે. ધારીના દલખાણીયા ગામે રહેતી સગીરાને સાવરકુંડલાના નાના જીંજુડા ગામનો શખ્સ લગ્નની લાલચે ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.જે મુજબ ત્રણ દિવસ પહેલા બપોરે બે વાગ્યાની આસપાસ સાવરકુંડલાના નાના જીંજુડા ગામે રહેતો ભાવેશભાઈ લાલજીભાઈ ગોહિલ નામનો શખ્સ તેમની સગીર દીકરીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે તેમના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એલ. કે.જેઠવા વધુ તપાસ કરી રહ્યા છે.

### અવસાન નોંધ

**કોડીનાર**

ધીરજલાલ છગનલાલ ચાંદ્રાણી(ઉ.વ.૭૬) તે સ્વ.ગોવિંદજીભાઇ, સ્વ. હરીભાઇ, સ્વ.ચંદ્રકાન્તભાઇ તેમજ અનુભાઇના ભાઇ તેમજ શૈલેષભાઇ (રઘુવંશી સ્ટોર્સ) તથા જીતુભાઇ (રઘુવંશી ફરસાણ)ના પિતાશ્રી તેમજ સ્વ.અમૃતલાલ છગનલાલ ખખ્ખર (ડોળાસા) ના જમાઇનુ તા.૧૯-૧૨-૨૧ ના રોજ દુ:ખદ અવસાન થયું છે. સદગતનુ ઉઠમણું તથા શ્વસુરપક્ષની સાદડી, તા.૨૦-૧૨-૨૧ ને સોમવારે ૩ થી ૫ વાગ્યા સુધી,શ્રી જંગલેશ્વર મંદિર -કોડીનાર ખાતે રાખેલ છે.

## સાવરકુંડલામાં ઝાડા-ઉલ્ટી બાદ પુરુષનું મોત

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા શહેરમાં રહેતા એક પુરુષની તાવ-શરદીની બીમારીની દવા ચાલતી હતી. આ દરમિયાન તેને ઝાડા-ઉલ્ટી થતાં મોત થયું હતું. બનાવ અંગે હાથસણી રોડ પર આસોપાલવ સોસાયટીમાં રહેતા મેઘજીભાઈ કાળાભાઈ ખેતરીયા (ઉ.વ.૬૫)એ જાહેર કર્યા મુજબ, તેમના મોટા દિકરા નરેશભાઈ મેઘજીભાઈ ખેતરીયા (ઉ.વ.૪૩)ને તાવ-શરદીની બીમારી હોવાથી તબીબી સલાહ મુજબ સારવાર ચાલતી હતી. ૧૬/૧૨/૨૦૨૧ ના સવારના આઠેક વાગ્યેથી ઝાડા ઉલ્ટી સખત થવા લાગતા સારવાર અર્થે પહેલા સાવરકુંડલા અને ત્યાંથી અમરેલી લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

સરળ હપ્તેથી સોલાર વસાવો...
ગેસ અને લાઈટબીલની ઝંઝટમાંથી મુકિત...
Ms SOLAR
BAJAJ FINSERV
૧૦૦ લીટર થી ૧૦૦૦ લીટર સુધી હાજર સ્ટોકમાં...
Ms ISO 9001 : 2015 CERTIFIED
મેહુલ સેલ્સ & સર્વિસ
પાટીદાર કોમ્પલેક્ષ, નાના બસ સ્ટેશન પાસે, બાબરા.
મો. ૯૯૨૫૯ ૩૩૩૫૯ – ૯૪૨૯૬ ૮૯૧૯૬ ફોન : ૨૩૪૦૪૦

★ કાર ★ બાઈક ★ ટ્રેકટર ★ ટ્રક ★ બસ
તમામ વાહન માટે રેડીયલ તેમજ ટ્યુબલેશ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ
વ્હીલ-પ્લેટ-ઘરા, જેક-ફીલ્ટર
ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
TVS TYRES YOKOHAMA CEAT Veedol BOSCH HP MRF JK TYRE MICHELIN Castrol TAPARIA
સંજય ટાયર્સ બસસ્ટેશન રોડ, અમરેલી
સંજય ટ્રેડ લીંક ટોયોટા શોરૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી

તંત્રી સ્થાનેથી

## બાળકોની સુરક્ષિતતા અનિવાર્ય

નવા વેરિયન્ટ ઓમિક્રોન અંગે રોજ ઉલ્ટા સુલ્ટા અહેવાલો આવી રહ્યા છે દિવસ ઉગે અને નિષ્ણાતો ઓમિક્રોન ખતરનાક છે ત્રીજી લહેર સ્વરૂપે આવી શકે છે તેવી વાતો કરે છે. માર્ચ ૨૦ કરતાં પણ વધુ ખતરનાક સ્થિતિ સર્જાઈ શકે છે તેવી વાતો કરી રહ્યા છે. ગુજરાત સહિત મોટાભાગના રાજ્યોમાં કોરોનાની બીજી લહેરની ગતિ ઘટતાની સાથે જ તેમાં છુટછાટ આપવાની પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે મોટા ભાગના રાજ્યોમાં શાળાઓનો આરંભ થઈ ગયો છે. કેટલાક રાજ્યોની શાળાઓમાં પણ કોરોનાનું બાળકો સંક્રમિત થતાની સાથે જ કેટલીક શાળાઓ બંધ કરવાનો દોર શરૂ થયો છે. જો કે આપણા ગુજરાતમાં આમેય મોટા ભાગની શાળાઓમાં ૫૦ ટકા હાજરીમાં ચાલતી હતી. અને ચાલે છે આ બાબતમાં જાણીતા નિષ્ણાતોએ પણ એવી સલાહ આપી છે કે શાળાઓ બંધ કરવાની કોઈ જરૂરિયાત આપી છે કે શાળાઓ બંધ કરવાની કોઈ જરૂર નથી.પણ બાળકોને ઝડપી વેક્સીનેશનની જરૂરત છે. નિષ્ણાતો માને છે કે બાળકોને ઘરમાં બેસાડી રાખવાથી નહિ પણ વેક્સીનેશન જ બચાવી શકશે. આ એક વાસ્તવિકતા છે.

આ અહેવાલો વચ્ચે એક વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુ એચ.ઓ.)એ સીરમ ઈન્સ્ટીટ્યુટ દ્વારા શોધવામાં આવેલી બાળકોને આપવાની થતી વેક્સીન કોવાવેક્સને ઈમરજન્સી ઉપયોગ માટેપણ મંજુરી આપી દીધી છે. અથવા તો બીજા અર્થમાં કહીએ તો લીલી ઝંડી આપી દીધી છે. ડબલ્યુ. એચ. ઓ.ના જણાવ્યા પ્રમાણે કોવાવેક્સ એ વધુ અસરકારક અને સુરક્ષિત છે. ઓછી આવકવાળા અને વિકાસશીલ દેશોમાં આ વેક્સીન બાળકો માટે સુરક્ષા કવચ સમાન પૂરવાર થઈ શકે તેમ છે. જો કે આ બાબત દરેક સરકારો માટે પડકાર સમાન છે. આ બાબત એવી છે કે વેક્સીન એ બાળકો માટેનું અસરકારક સુરક્ષા કવચ હોય તો પછી તે જ રીતે બાળકોની સલામતિ પરનો ખતરો દૂર થઈ જાય. લોકો અને તેમાંય ખાસ કરીને વાલીઓ એવું ઈચ્છે છે કે શાળાઓમાં તેમના સંતાનો સદાય ભણતા રહે એટલું નહિ પરંતુ તેઓ કોરોનાથી સંક્રમિત પણ ન બને. બાળકો સલામત પણ રહે અને ભણી પણ શકે હવે જ્યારે ડબલ્યુ. એચ.ઓ.એ સંમતિ આપી છે ત્યારે હવે આ કામગીરી શરૂ કરવાની જરૂરત છે. આજ બાબત સમયનો તકાજો છે. સરકારે પણ પોતાની આ કામગીરી સત્વરે શરૂ કરવાની જરૂરત છે. તો દરેક વાલીઓએ પણ પોતાના બાળકોને વેક્સીન મળી રહે તે દિશામાં પગલા ભરવાની જરૂરત છે.

# આતંકવાદ સામે પગલાના નાપાક નાટકનો વધુ એક પર્દાફાશ

પાકિસ્તાન ચેરીટીસ્તાનકે આતંકની ફેક્ટરી ધરાવનાર ઉપખંડનો આ દેશ હવે સારા પડોશી દેશ તરીકે રહેવાની તમામ લાયકાત ગુમાવી ચુક્યો છે તેની પાસે કોઈ એવી હેસિયત પણ રહી નથી કે જે કોઈની પાસે એક રૂપિયો પણ માગી શકે. ભૂખમરાના ભરડામાં હોમાયેલ નાપાક શાસકોના નેતૃત્વ વાળા આ દેશમાં આંતરિક સમસ્યાઓનો ઢેર હોવા છતાં અને બલુચીસ્તાન અને અન્ય પ્રાંતોમાં અસંતોષનો દાવાનળ ઠારવા ભારત વિરોધી લાગણી ઉભી કરી વર્ષોથી આલાપવામાં આવતો કાશ્મીર રાગની સાથે હવે છેલ્લા એક વર્ષથી નવાબના કહેવાતા વંશજોના ખભે બંદૂક ફોડીને જૂનાગઢ માટે પણ દાવો કરવાની ચેષ્ટા કરી છે આ એક જેવી તેવી ચેષ્ટા તો નથી જ વખોડવાપાત્ર અને વિશ્વને ભ્રમિત કરવાનો નાપક દાવ છે. ઝુલ્ફીકાર ભુટ્ટો હોય કેપછી નવાઝ શરીફ હોય કે ઈમરાન હોય તે પૈકી કોઈ આ દાવ ભૂલ્યા નથી. ૧૯૭૧ના યુધ્ધમાં ધુળ ચાંટતા થઈ ગયેલા પાકિસ્તાની શાસકો ભારતની સામે સીધી રીતે ટકરાઈ શકે તેવી હેસિયત ધરાવતા નથી એટલે પોતાની રીતે દાવ લેવા કોશીષ કરે છે.

તાજેતરમાં પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાને કહેલું કે પાકિસ્તાને આતંકવાદ સામે વિજય મેળવી લીધો છે. અમે આતંકવાદ સંપૂર્ણપણે નાબૂદ કરી દીધો છે.પાકિસ્તાનના શાસકો હંમેશા એવો દાવો કરે છે કે અમે આતંકીઓને આશરો આપતા નથી. ભારતમાં પકડાતા ત્રાસવાદીઓ અમારા નાગરિકો છે જ નહિ પરંતુ અંતે તો આ દાવાને ભારત પૂરાવા સાથે પડકારે છે ત્યારે તેનો કશો જવાબ આ બદઈરાદા વાળા નાપાક તત્વો પાસે હોતો જ નથી. હવે તાજેતરમાં અમેરિકાના વિદેશ વિભાગે તાજેતરમાં જે અહેવાલ પ્રસિધ્ધ કર્યો છે તેમાં પાકિસ્તાનના આ તમામ પ્રકારના જૂઠાણાઓનો પદ્રાફાશ થઈ ગયો છે. અમેરિકાના વિદેશ વિભાગે કન્ટ્રી રિપોર્ટસ ઓન ટેરેરીઝમ ૨૦૨૦ના આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાને આતંકવાદ સામે લડવામાં આંશિક પ્રગતિ કરી છે. તેનો સીધો સાદો અને સરળ અર્થ એ થાય કે સાવ પ્રગતિ કરી જ નથી. માત્ર નાટકો જ કર્યા છે. વિશ્વને બતાવવા પૂરતો




**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

ખેલ જ કર્યો છે. આ અહેવાલ વધુમાં જણાવે છે કે આતંકીઓ સામેના કેસ ચલાવવામાં પણ ઉપયોગી પગલાં ઉઠાવ્યા નથી. આ રિપોર્ટમાં સાફ શબ્દમાં અને વિગતો ટાંકીને જણાવવામાં આવ્યું છે કે જૈશ- એ મહમદના સ્થાપક મસૂદ અઝહર અને લશ્કરના સાજિદ મીર જેવા મુંબઈ હુમલાના જવાબદાર આતંકીઓ સામે કોઈ પગલાં ભરવામાં આવ્યા નથી અને આ આતંકીઓ છુટથી હરે ફરે છે. આ અહેવાલમાં અફઘાનિસ્તાનની શાંતિ પ્રક્રિયાને ટેકો આપવાનું ચાલુ રાખ્યું છે. તેનું કારણ એ છે કે ૨૦૨૦માં તાલિબાની આતંકવાદીઓના હુમલાનો ભોગ તેનેપણ બનવુંપડ્યું છે.પાકિસ્તાનની પ્રજાને પણ આવા પ્રકારના આતંકવાદનો ભોગ બનવું પડ્યું છે તે બાબત હોવા છતાં અફઘાનિસ્તાન પર તાલિબાોના કબ્જા બાદ તાલિબાનોનો સંપર્ક પણ વધાર્યો છે. અને તાલિબાનોની કેદમાંથી છૂટેલા ભારતના આતંકવાદીઓને પાકિસ્તાની કબ્જા હેઠળના કાશ્મીરમાં પરત મોકલી દીધા છે તે પણ હકિકત છે. ટુંકમાં આ પાકિસ્તાની આતંકવાદીઓનું એક જૂથ તાલિબાનીઓના સહકાર સાથે ભારતમાં ત્રાસવાદી ગતિવિધિઓને વેગ આપવાની કામગીરી કરી રહ્યું છે.

આતંકવાદ સામેના આ અહેવાલમાં ભારતની કામગીરી પ્રસંસાને પાત્ર ગણાવવામાં આવી છે. ભારતની વિવિધ સુરક્ષા એજન્સીઓનો ઉલ્લેખ કરીને ત્રણ થી ચાર ફકરાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે તમામ ભારતીય સુરક્ષા એજન્સીઓની કામગીરી અત્યંત પ્રભાવશાળી છે. ભારતે તમામ પ્રકારના પગલાં દ્વારા આતંકવાદ સામેની લડત ચાલુ જ રાખી છે. પાકિસ્તાનની બીજી એ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ત્યાં પાકિસ્તાનના આતંકવાદી સંગઠન આઈ.એસ.આઈ.ના ૬૬ જેટલા સભ્યો ભારતના આતંકીઓ સાથે ઘુસી ગયા છે. ભારતે અનેક વખત ફરિયાદો કરેલી છે. ભારતના આતંકવાદીઓ મહમદ નકવી હફીઝ સઈદ, મસૂર અઝહર, સલીમ મીર કે જે ભારતના અનકે આતંકવાદીઓ સાથે સંકળાયેલા છે તે તેમના પોતાના અનેક આતંકવાદી સંગઠનો ચાલે છે તેમની સ્થિતિ જરાય અને આર્થિક સહાય બાબત અનેક ફરિયાદો પણ અવાર નવાર આવતી રહે છે.પાકિસ્તાને આ આતંકવાદીઓ સામે કેસના અનેક નાટકો કર્યા છે પણ તેનું કોઈ ધાર્યું પરિણામ આવ્યું નથી. કેસના નામે વિશ્વને ભ્રમિત કરવાના દાવપેચ જ થયા છે. તેવું સ્પષ્ટપણે ફલિત થઈ ચૂક્યું છે.પાકિસ્તાનના શાસકો જ્યારે પણ પોતાની સામે લોકોનો રોષ પ્રચંડ બને ત્યારે તેને અન્ય માર્ગે વાળવા ભારત સામે વાળવા માટે નાટકો કરતાં રહે છે આ નવી વાત તો છે જ નહિ રોજ અવનવા ખેલ ખેલાતા રહે છેપરંતુ તેનો કોઈ જવાબ નથી તેપણ હકિકત છે. ભારતે સ્પષ્ટપણે કહ્યું છે કેપાકિસ્તાનના ગેરકાયદે કબ્જા હેઠળનું કાશ્મીર એ ભારતનો અવિભાજ્ય ભાગ છે એટલે તેને અવશ્ય ખાલી કરી દેવો જોઈએ. યુનોના મંચ પરથી પણ ભારતના પ્રતિનિધિ દ્વારા અવાર નવાર આજ પ્રકારની વાત કહેવામાં આવી છે તેમ છતાં પાકિસ્તાને કાશ્મીર હમારા હે નો નારો મૂક્યો નથી. આજ તેના દ્વેષયુક્ત સ્વભાવનો જીવંત પૂરાવો કહી શકાય. ભારતમાં આતંકવાદી પ્રવૃતિ કરનારા તત્વોના આકાઓ પાકિસ્તાનમાં ખુલ્લે આમ ફરે છે. તેની સામેના કેસો નાટક સિવાય બીજું કાંઈ નથી આ અત્યાર સુધી ભારત જ કહેતું હતું હવે અમેરિકા સહિતના વિશ્વ જ પ્રચાર માધ્યમો પણ કહેતા થઈ ગયા છે.પરંતુ સમજે એનું નામ પાકિસ્તાન નહિનું વલણ આ દેશે ચાલુ રાખ્યું છે.

**મસુદ અઝહર સામે કોઈ કેસ જ દાખલ થયો નથી : અમેરિકાના વિદેશ ખાતાના અહેવાલમાં પાકની ખૂલી પોલ : આતંકવાદ સામે જંગમાં ભારતની એજન્સીઓની કરેલી પ્રશંસા**

# "શબ્દોનું સૌંદર્ય : સુખદ સંભારણા"

"આપણા સાગમટા શબ્દો પણ ઓછા પડે. એમના એક એક શબ્દોની એટલી મિઠાશ હોય છે." આવુ વાકય કોઈ શ્રેષ્ઠ વક્તા માટે કે શ્રેષ્ઠ લેખક માટે શ્રેષ્ઠ શ્રોતા કે સારા વાચકના મુખેથી સાંભળવા મળે ત્યારે આ સુમુધર સંવાદ એ વક્તા અને શ્રોતા કે લેખક અને વાચક વચ્ચેના સુખદ સંભારણારૂપ બની જાય છે. માનવ-જીવનનો મહત્તમ હિસ્સો શ્રવણ,કથન,વાંચન અને લેખન વચ્ચે વહેચાયેલ હોય છે. પછી એનુ માધ્યમ બે પ્રકારનું હોય છે. સાક્ષરો વચ્ચે ભાષાની અને નિરક્ષરો વચ્ચે બોલીની આપલે થાય છે, પરંતુ બંનેના મૂળમાં કે પાયામાં આ ચાર બાબતો અવશ્ય હોય છે. માનવ-માનવ વચ્ચેનું કોમ્યુનિકેશન કરતા માનવ શરીરના અંગોની રચના પણ ભગવાને અદભૂત કરી છે. તમે થોડુ ઉડું વિચારો ખ્યાલ આવશે કે કાન બે હોય છે. પણ શ્રવણ એક થાય છે. બંને વચ્ચે કેટલો તાલમેલ હોય! તમે કયારેય એવું સાંભળ્યુ છે કે બંને કાને જુદુ-જુદુ સાંભળ્યું હોય! હરગીઝ નહિ, કેવી કમાલની ગોઠવણી કહેવાય! હવે જુઓ,આંખ બે આપી છે પણ દ્રષ્ટિ એક! બંને આંખો સાથે મળીને દ્રશ્યને વિઝયુલાઈઝ કરે છે. બંને આંખો કયારેય અલગ અલગ દ્રશ્ય બતાવતી નથી. આગળ વિચારીએ તો નસકોરા બે આપ્યા છે પણ સુગંધ એક-શ્વસન એક જ. કેવી કાબિલેદાદ કુદરતની વ્યવસ્થાઓ છે. આનાથી ઉલટુ જીભ એક આપી છે. પણ સ્વાદ અનેક! જીભના કામ પણ બે હોય છે. (૧) સંવાદ અને(૨) વિવાદ,પરંતુ આપણે વાત સંવાદની જ કરવી છે. વિવાદને જેટલી વિદાય આપીએ જીવનમાં એટલો સંવાદ અને સુખ-શાંતિ વધશે. અને એટલે જ કહેવાય છે કે!" આંખમાં અમી તો દુનિયા ગમી જીભમાં અમી તો દુનિયા ગમી." કેટલું સુંદર વાકય છે. શબ્દોનું કેટલું સૌંદર્ય છે! અને આપણે સૌ જીવનમાં ડગલેને પગલે ઘરમાં,શેરીમાં,કુંટુંબમાં, કાર્યના સ્થળે,બજારમાં કે બગીચામાં ફરવાના સ્થળે દરેક જગ્યાએ અનુભવ કરીએ જ છીએ કે



મનન ચિંતન
ભરત બાવીશી

શબ્દોનો વજન તો બોલવાવાળાના ભાવ પર આધારિત છે; એક શબ્દ મનને-ચિતને હળવુફૂલ બનાવી દે છે તો બીજો શબ્દ મનને ભારેખમ કરી દે છે. નાના બાળકથી લઈને વયોવૃધ્ધ બુજુર્ગ સુધીના સૌને મીઠા આદર આવકાર આપતા શબ્દોનું સૌંદર્ય ગમે છે. એટલે જ મીઠપવાળા મર્માળા માનવીઓ સાથેના વ્યવહારો સુખદ સંભારણા બનીને વાગોળવા ગમે છે. જયાં સ્વાગતનાં સુંદર શબ્દો હોય ત્યાં જવુ સૌને ગમે છે. " મુખે બોલતા હૈયુ હરખે આનંદે ઉભરાતી, શબ્દોના સુગંધની પ્યાલી જુઓ ત્યા છલકાતી,આંબા ડાળે બેઠી કોયલ, મીઠા ગીતો ગાતી, અમૃતથીયે મીઠો આવકારો અને હૃદયથી આવકારતી વાણી!" ચંદનની સુગંધ શિતળ હોય છે. પણ એના સાંનિધ્યમાં હોઈએ ત્યા સુધી જ. જયારે શબ્દોની સુગંધ તો એથીય નિરાળી હોય છે. કારણ કે, સાંભળો ત્યારે તો શીતળતા આપે છે. અને સંભારો ત્યારે પણ એવી જ શિતળતા આપે છે. માટે જ શબ્દોનો શણગાર શરીરના શણગાર કરતા ચઢિયાતો છે, કોઈના લખેલા શબ્દો કે કોઈના બોલેલા શબ્દો સાંભળીને કે વાંચીને જયારે શીતળતાનો અનુભવ થાય ત્યારે સમજવુ કે એમની સાથેનો આપણો સબંધ સોનાના વરખથી નહી પરંતુ હૈયાના હરખથી સજાવેલ હતો, આવા સુખદ સંભારણા જીવનની ધન્ય પળો છે.





# ઓનલાઈન કારોબારમાં ફેરફાર !



દેશમાં ઓનલાઈન શોપિંગ કારોબાર બદલાઈ રહ્યો છે. સરકારે ઈ-કોમર્સ કંપનીઓ પર જે નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે ત્યારબાદ એકસક્લિસિવ ડીલ, કેશબેક અને બંપર ડિસકાઉન્ટ જેવી ચીજો ખતમ થઈ રહી છે. સરકારે ઈ કોમર્સ સેક્ટર માટે પ્રત્યક્ષ વિદેશી રોકાણની નીતિ હવે બદલાઈ ગઈ છે. જેના પરિણામ સ્વરૂપે એમેઝોન અને ફલીપકાર્ટ જેવી મોટી અને મહાકાય કંપનીઓને મોટો ફટકો પડી ગયો છે. સ્થાનિક કારોબારીઓનો ગુસ્સો શાંત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કંપનીઓના કામ કરવાના તરીકાને લઈને નારાજગી પ્રવર્તી રહી છે. પોલીસીમાં કેટલાક નવા નિયમો ઉમેરી દેવામા આવ્યા છે. જે મુજબ ઈ-કોમર્સ પ્લેટફોર્મ સાથે જોડાયેલી કોઈ પણ યુનિટ ચીજવસ્તુન ખરીદી કરી શકે નહી. આની સાથે સાથે કોઈ ઈકોમર્સ સાઈટ પર કોઈ વેન્ડર કેટલી ચીજો વેચી શકે છે તે બાબત પણ નક્કી કરવામાં આવી છે. કેશબેક અને એક્સક્લુસિવ સેલ પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આના કારણે ઈ-કોમર્સ સેક્ટરની કંપનીઓને પોતાના બિઝનેસ મોડલમાં ફેરફાર કરવાની ફરજ પડી શકે છે. સરકારના નવા નિયમ મુજબ કોઈ કોમર્સ પ્લેટફોર્મ કોઈ સપ્લાયરને ખાસ રાહત આપી શકશે નહીં. આ સુધારા કરવામાં આવ્યા બાદ કેશબેક, એક્સક્લુસિવ સેલ અથવા તો કોઈ પોર્ટલ પર એક બ્રાન્ડના લોંચ , એમેઝોન પ્રાઈમ અને ફલીપકાર્ટ જેવી ડીલ્સ અથવા તો કોઈ ખાસ સેવા આપવામાં પરેશાની થાય નહીં. નવા નિયમોનો હેતુ આ પ્લેટફોર્મને કોઈ પણ પ્રકારના પક્ષપાતથી બચાવી લેવાનો રહેલો છે. કલાઉડટેલને એમેઝોન અને રિટેલને ફ્લિપકાર્ટ સાથે જોડીને જોવામાં આવે છે. જો કે નવા નિયમોના કારણે સંબંધિત પ્લેટફોર્મપર ચીજ વસ્તુઓ વેચી શકાશે નહીં. ફલીપકાર્ટના નવા માલિક વોલમાર્ટ પોતે ઈ-કોમર્સ પ્લેટફોર્મમાં ચીજવસ્તુઓ વેચી શકશે નહીં. નીતિ ફેરફાર પર એક મોટા સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે વર્ષ ૨૦૧૬ની પ્રેસ નોટમાં જ્યારે વાત કરવામાં આવી હતી તેને સારી રીતે અમલી કરવા માટે આ પગલુ લેવામાં આવી રહ્યુ છે. આમાં કહેવામાં આવ્યુ હતુ કે ઈ-કોમર્સ પ્લેટફોર્મની કિંમતો પર પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે અસર કરી શકાય નહીં. દબાણ પણ લાવી શકાય નહી. અધિકારીઓ કહે છે કે ઈ-કોમર્સ પ્લેટફોર્મની સહયોગી યુનિટો તરફથી હાલમાં સતત ફરિયાદો મળી રહી હતી. નવા ફેરફાર કરવામા આવ્યા બાદ હવે નવી વ્યવસ્થા અમલી બની રહી છે. જેના ભાગરૂપે હવે ગ્રાહકોને પહેલાની જેમ ઈ-કોમર્સ સાઈટ્સ પર પૂર્ણ ડિસ્કાઉન્ટ મળી શકશે નહીં. આના કારણે ફિજિકલ સ્ટોર્સને ફાયદો થઈ શકે છે. જેના બિઝનેસમાં ઈ-કોમર્સ કંપનીઓએ મોટી ભેંટ કરી છે. વેપારી સમુદાયના લોકો સતત ફરિયાદ કરી રહ્યા હતા કે ઈ-કોમર્સ કંપનીઓ તેમના પ્લેટફોમ પર ચીજવસ્તુઓનુ વેચાણ કરીને માર્કેટને નુકસાન કરી રહી હતી. વેપારીઓના કહેવા મુજબ તે પ્રત્યક્ષ વિદેશી રોકાણના નિયમોની વિરુદ્ધમાં હતા. જેમાં બિઝનેસ ટુ કન્ઝ્યુમર ઈ-કોમર્સમાં આવા રોકાણ પર પ્રતિબંધ છે. પહેલી ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસથી નવા નિયમો અમલી બની રહ્યા છે.ય જો કે બિઝનેસ ટુ બિઝનેસ ઈ-કોમર્સમાં સરકારે ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપી દીધી છે. ઈ-કોમર્સ નીતિમાં ફેરફાર માટેની માહિતી આપવામાં આવ્યા બાદથી આર્થિક નિષ્ણાંતોમાં આને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે. સરકાર હાલમાં એક નવી અને અલગ ઈ કોમર્સ નીતિ પર પણ કામ કરી રહી છે.ભાગદોડની લાઈફમાં ઈ-કોમર્સ માર્કેટની બોલબાલા વધી રહી છે. કંપનીઓ હાલમાં જુદી જુદી બાબતોને લઈને લાલચ પણ આપી હતી. કંપનીઓ ગ્રાહકોને આકર્ષિત કરવા માટે વિવિધ પગલા લઈ રહી છે. ગ્રાહકો પણ તેમની યોજના તરફ આકર્ષિત થઈ રહ્યા છે. ભારતમાં ઈ-કોમર્સ માર્કેટનુ કદ ધીમી ધીમે વધી રહ્યુ છે. સાથે સાથે નાના વેપારીઓની હાલત કફોડી બની રહી છે. કારણ કે ખરીદી ઘરે બેઠા કરવામાં આવી રહી છે.

## શબ્દ સંજોગ-૧૨૪૫



**આડી ચાવી :**
(૧)લગ્નજીવનમાં વિશ્વાસ એ જીવનનું જમા..છે.(૨)
(૨)આયુષ્ય(૪)
(૬)ખાનગી(૨)
(૭)જોડાયેલું,યુક્ત(૩)
(૮)એક કિંમતી લાકડુ(૨)
(૯)ભોગવટાનો હક્ક,તાબો(૩)
(૧૧)કઢંગી,વિષમ(૩)
(૧૩)દાઝયા પર ન દેવાય(૨)
(૧૫)ઠીક,બરાબર(૨)
(૧૬)અર્ધાનો અર્ધો(૧)
(૧૭)કર્તવ્ય(૩)
(૧૯)એક ફૂલ(૩)
(૨૧)અભિગમ,મનોવૃતિ(૩)
(૨૩)લિફાફો(૩)
(૨૪)મનોરંજન માટેની ટિકિટનો ચૂકવાય(૨)
(૨૫)પ્રાધ્યાપક(૨)
(૨૬)ફૂંકાવું(૨)
(૨૭)એક રાશિ(૨)
(૨૮)ભ્રાંતિ,ખોટો ખ્યાલ(૩)
(૨૯)આછો પાસ,વસ્ત્રોમાં મૂળ રંગની વચ્ચે આછી હોય(૨)
(૩૦)ચોખવટ(૩)

**ઉભી ચાવી :**
(૧)પૃષ્ઠ(૨)
(૨)ઉંમર(૨)
(૩)સમયને હિંદીમાં કહેવાય(૨)
(૪)'જવાબદાર'જ જયારે આડા-અવળા થઈ જાય(૫)
(૫)અનેક રીતે લખાતો એકમાત્ર વ્યંજન(૧)
(૬)પાણીની છોળ(૩)
(૭)જેવો.....તેવો રંગ(૨)
(૮)માનુનીનું પ્રિય વસ્ત્ર પરિધાન(૨)
(૧૦)..કા ગુલામ(૨)
(૧૨)પટાવવું(૫)
(૧૪)ગળે વીટવાનો પટ્ટો(૪)
(૧૮)લડાઈ,વેરાન(૨)
(૧૯)મીઠાઈ(૪)
(૨૦)બાણ(૨)
(૨૧)મુખ(૩)
(૨૨)...ના એક નાના વિચારમાંથી એક પછી એક મહાન કૃતિઓ સર્જાઈ શકે(૩)
(૨૫)સમાનતા(૩)
(૨૭)સ્થિર દ્રષ્ટિ(૨)
(૨૮)અભડાયેલું(૨)

## શબ્દ સંજોગ-૧૨૪૪ જવાબ

**આડી ચાવી :**(૧) ત્રંબક (૪) વામ (૬) સખી (૭) નારદ (૯) વાનગી (૧૦) ક્રૂર (૧૧) રવાલ (૧૩) રસી (૧૫) સહુ (૧૯) દોરાધાગા (૨૨) શોકાતુર (૨૪) જરા (૨૫) તુમાર (૨૭) ઠોર (૨૮) ખાલી (૨૯) સારક (૩૧) મશાલ.

**ઉભી ચાવી :** (૨) બનારસ (૩) કર (૫) મવાલ (૬) સગીર (૮) દર (૧૨) વાયદો (૧૪) સીંધુ (૧૬) હુતુતુતુ (૧૭) રાધા (૧૮) પીશો (૨૦) રાશ (૨૧) ગાજર (૨૩) રમા (૨૬) રસાલ (૨૭) ઠોકર (૨૮) ખાલું (૩૦) ફાંદ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

# મહિનાનાં ચાર-સપ્તાહના ખેતી કાર્યો



જીરૂ :- ભૂકી છારોનાં નિયંત્રણ માટેઃ-

● સંરક્ષણાત્મક પગલાં રૂપે વાવણી બાદ ૪૫ દિવસે ૩૦૦ મેશ ગંધકની ભૂકી ૨૫ કિ.ગ્રા. / હે. પ્રમાણે સવારમાં છોડ ઉપર ઝાકળ હોય ત્યારે છંટકાવ કરવો.

● રોગ દેખાય કે તરત જ ઉપર જણાવ્યા પ્રમાણે ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.

● ભૂકી સ્વરૂપે ગંધકને બદલે દ્રાવ્ય રૂપમાં છંટકાવ કરવા માટે દ્રાવ્ય ગંધક ૮૦ વે.પા. ૨૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી ૨ થી ૩ છંટકાવ કરવા.

ડુંગળી થ્રીપ્સના નિયંત્રણ માટે સ્પીનોસેડ ૨ મીલિ/૧૦ લિટર અથવા કલોરફેનાપાયર ૧૦ ઈસી ૭.૫ મી.લી./ ૧૦ લિટર પાણીમાં નાખી પહેલાં છંટકાવ પછી બીજો છંટકાવ ૧૦ દિવસે કરવો.

ટામેટા : લીલી ઈયળ

● લીલી ઈયળના નર ફુદાને આકર્ષતા ફેરોમોન ટ્રેપ હેકટરે ૪૦ પ્રમાણે ગોઠવવા અને લ્યુર દર ૨૧ દિવસે બદલવી.

● લીલી ઈયળના ઈંડાના પરજીવી ટ્રાયકોગ્રામા ભરી ૧.૫ લાખ / હે. પ્રમાણે દર અઠવાડિયે છોડવા.

● આ જીવાતનું ન્યુકિલયર પોલીહેડ્રોસીસ વાયરસ ૨૫૦ ઈયળ આંક અથવા બેસિલસ થુરીન્જીન્સીસ નામના જીવાણુંનો પાઉડર ૧ કિ.ગ્રા. જરૂરી પાણીના જથ્થામાં ભેળવી એક હેક્ટર વિસ્તારની ટામેટીમાં છંટકાવ કરવો.

● લીમડાની લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા લીમડાનું તેલ ૫૦ મીલિ અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૧૦ મીલિ (૫ ઈસી) થી ૫૦ મીલિ (૦.૦૩ ઈસી) ૧૦ લિટર પાણીમાં મિશ્રિત કરી ૧૫ દિવસના અંતરે છંટકાવ કરવો.

● વધુ ઉપદ્રવ જણાય તો કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મીલિ અથવા ઈન્ડોકઝાકાર્બ ૧૫.૮ ઈસી ૧૦ મીલિ અથવા કલોરાન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસસી ૩ મીલિ ફ્લુબેન્ડિયામાઈડ ૪૮૦ એસસી ૩ મીલિ અથવા સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મીલિ અથવા લેમ્ડાસાયહેલોથ્રીન ૫ ઈસી ૫ મીલિ અથવા નોવાલ્યુરોન ૧૦ ઈસી ૧૦ મીલિ અથવા થાયામેથોકઝામ ૧૨.૬% + લેમડાસાયહેલોથ્રીન ૯.૫% ઝેડસી ૨૫ મીલિ અથવા નોવાલ્યુરોન ૫.૨૫% + ઈન્ડોકઝાકાર્બ ૪.૫ % એસસી ૨૦ મીલિ અથવા સાયાન્ટ્રાનિલીપ્રોલ ૧૦.૨૬ ઓડી ૨૦ મીલિ ૧૦ લિટર પાણીમાં ઉમેરી જરૂરીયાત મુજબ વારાફરતી છંટકાવ કરવાથી આ જીવાતનું નિયંત્રણ મેળવી શકાય. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

ડુંગળી અને લસણ થ્રીપ્સનાં નિયંત્રણ માટેઃ-

● ખેતરમાંથી ઘાસ અને નિંદામણ દુર કરવું.

● પાકમાં નિયત સમયાંતરે પિયત આપતા રહેવું.

● ઉપદ્રવની શરૂઆત જણાય તો લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા લીંબોળીનું તેલ ૩૦ મીલિ અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મીલિ (૧ ઈસી) થી ૪૦ મીલિ (૦.૧૫ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.૪૦ મીલિ (૦.૧૫ ઈસી) અથવા વર્ટીસિલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● ઉપદ્રવ વધતો જણાય તો ફોસ્ફામીડોન ૪૦ એસએલ ૧૦ મીલિ અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા થાયામેથોક્ઝામ ૨૫ વેગ્રે ૩ ગ્રામ ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરી છંટકાવ કરવાથી તેની વસ્તીને કાબુમાં લઈ શકાય.

કોબીફલાવર :- જીવાણુંથી થતો કાળો કોહવારાનાં નિયંત્રણ માટે મેન્કોઝેબ ૭૫ વે.પા. ૨૭ ગ્રામ અથવા કલોરોથેલોનીલ ૭૫ વે.પા. ૨૭ ગ્રામ અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ વે.પા. ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી જરૂરીયાત મુજબ છંટકાવ કરવો.

વટાણા :- ભૂકી છારોનાં નિયંત્રણ માટે રોગની શરૂઆત થાય કે તરત જ વેટેબલ સલ્ફર ૮૦ વે.પા. ૨૫ ગ્રામ અથવા ડીનોકેપ ૪૮ ઈસી ૮ મીલિ અથવા હેક્ઝાકોનાઝોલ ૫ ઈસી ૫ મીલિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. જરૂર જણાય તો ૧૫ દિવસ પછી બીજો છંટકાવ કરવો.

બટાટામાં આગોતરા સુકારાનાં નિયંત્રણ માટે રોગની શરૂઆત થતા કે ૩૫ દિવસ બાદ પ્રોપીકોનાઝોલ ૨૫ ઈ.સી. ૧૦ મીલિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવા અને બીજા ચાર છંટકાવ ૧૨ દિવસના આંતરે કરવા અથવા પ્રોપીનેબ ૭૦ વે.પા. ૧૫ ગ્રામ / ૧૦ લિટર પાણીના દ્રાવણનો રોગની શરૂઆત થયે પ્રથમ છંટકાવ અને બાકીના બે છંટકાવ ૧૫ દિવસના આંતરે કરવા.

રજકો :- લીલી ઈયળનાં નિયંત્રણ માટે ઉપદ્રવની શરૂઆતમાં બેસિલસ થુરીન્જીન્સીસ ૧૫ ગ્રામ અથવા બીવેરીયા બેસીયાના ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો અથવા લીલી ઈયળનું એનપીવી ૨૫૦ એલઈ / હેકટરે પાકમાં જરૂરી પાણીના જથ્થામાં ઉમેરી છંટકાવ કરવો. અથવા વધુ ઉપદ્રવ વખતે ફ્લુબેન્ડિયામાઈડ ૪૮૦ એસસી ૩ મીલિ અથવા ફેનવાલરેટ ૨૦ ઈસી ૧૦ મીલિ અથવા લેમડાસાયહેલોથ્રીન ૫ ઈસી ૫ મીલિ અથવા સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મીલિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

બોરઃ- ભૂકી છારોનાં નિયંત્રણ માટે રોગની શરૂઆત થાય કે તરત જ દ્રાવ્ય ગંધક ૮૦ વે.પા. ૩૦ ગ્રામ અથવા ડીનોકેપ ૪૮ ઈસી ૧૦ મીલિ અથવા હેકઝાકોનાઝોલ ૫ ઈસી ૧૦ મીલિ ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. બીજા બે છંટકાવ ૧૦ દિવસના અંતરે કરવા. પાણીની અછતવાળા વિસ્તારમાં ગંધકની ભૂકી હેકટરે ૨૫ કિ.ગ્રા. પ્રમાણે રાખ સાથે ભેળવીને સવારના સમયે ઝાકળ હોય ત્યારે રોગની શરૂઆત જણાય કે તરત જ છંટકાવ કરવો.

પપૈયા પાનનો કોકડવા / પચરંગીયો / રીંગ સ્પોટ વાયરસનાં નિયંત્રણ માટે

● ઉભા પાકમાં રોગ જણાય તો રોગિષ્ટ છોડનો સત્વરે ઉખેડી નાશ કરવો.

● લીમડાનું તેલ ૧ મિલી / લિટર પાણી અથવા ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિલી ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવાથી રોગને કાબૂમાં લઈ શકાય છે.



ડો.જી.આર. ગોહિલ, સહવિસ્તરણ શિક્ષણ નિયામક, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ ફોન.૯૨૭૫૭૭૮૩૪૨

● સીતાફળ મિલી બગનાં નિયંત્રણ માટે :- ખરી ગયેલ પાન તથા ફળો વિણી તેનો નાશ કરવો તેમજ સુકાઈ ગયેલ ડાળીઓ કાપી લઈ નાશ કરવો.

● ઝાડની ફરતે તથા લાકડાના ટેકા ઉપર જમીનથી એક ફુટની ઊંચાઈએ પોલીથીલીન સીટનો એક ફુટ પહોળો પટ્ટો લગાવી તેની ઉપર તથા નીચેની ધારે ગ્રીસ લગાડવું.

● ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) મેટારીઝીયમ એનીસોપ્લી નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ અથવા વર્ટીસિલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

● વધુ ઉપદ્રવ જણાય તો ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૧૫ મીલિ અથવા કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૫ મીલિ અથવા કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિલી અથવા પ્રોફેનોફોસ ૫૦ ઈસી ૧૦ મીલિ ૧૦ લિટર પાણીમાં ભેળવી તેમાં ૧૦ ગ્રામ કપડા ધોવાનો પાઉડર ઉમેરી છંટકાવ કરવો.

# ફળ ખરવાની સમસ્યા અને તેનું નિવારણ

ભારત એ કૃષિ પ્રધાન દેશ છે અને ભારતમાં બધા જ પ્રકારના પાકોની ખેતી થાય છે તેમાં ફળ અને શાકભાજી, ફળ છોડની પણ નફાકારક ખેતી થાય છે. પરંતુ નફાકારક ખેતી કરવામાં ઘણી બધી સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. તેમાંય ફળ પાકોની નફાકારક ખેતી કરવામાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવામાં આવે તો ઘણો જ ફાયદો થાય છે. પરંતુ બદલાતા વાતાવરણની અસરને કારણે ફળ પાકમાં ઘણી સમસ્યાઓ આવે છે. તેમાં ફળ પાકોમાં ફળો ખરવા એ મુખ્ય સમસ્યા છે. આ ફળો ખરવા માટે ઘણા બધા પરિબળો જવાબદાર છે.

ફળ ખરવાના કારણો : ફળ પાકોમાં ઘણી વખત ફાલ ન આવવાના પ્રશ્નો આવે છે અને કયારેક તો ફુલ બરાબર આવે છે, ફળો પણ બેસે છે પરંતુ ફળો બેસી ગયા બાદ ખરી પડતા હોય છે. તેના માટે ઘણા પરિબળો જવાબદાર છે. તેમાં ખાસ કરીને (૧) બાહય પરિબળો (૨) આંતરીક પરિબળો

(૧) બાહય પરિબળો :

(૧) જાતો : ફળ ખરવા પર ફળની કઈ જાત વાવેલ છે તેનો આધાર રહેલો છે. જેમ કે આંબામાં હાફુસમાં ૫૮ %, કેસરમાં ૯૩.૫ % ફળો ખરે છે.

(૨) પોષક તત્વોની ખામી : છોડમાં પુરતા પોષક તત્વો ન હોય અથવા પુરતુ પોષણ ન મળવાથી ફળ ખરી જતાં હોય છે. તેમા ખાસ કરીને આંબામાં ફાલ પુરતો આવે છે અને ફળ ધારણ પણ સારૂ થાય પરંતુ પોષક તત્વની ખામીને લઈ ફળ ખરી જતા હોય છે. જેથી જયારે ફાલ આવે ત્યારે જ ઝાડને પુરતુ પોષણ આપવું જોઈએ જેથી ફળ ખરતાં અટકાવી શકાય.

(૩) વાતાવરણ : અત્યારના સમયમાં બદલાતા વાતાવરણને કારણે પણ ફળ પાકોમાં ફળો ખરી જાય છે. તેમાં ફળ સેટ થયા પછી અનુકૂળ વાતાવરણ ન હોય જેને લઈને ફળો ખરી જાય છે. વધુ તાપ-વધુ પડતી ઠંડી જેને કારણે ફળો ખરે છે.

(૪) રોગ-જીવાત : ફળ પાકોમાં વધારે પડતી જીવાતની અસરથી પણ ફળો ખરી પડે છે અથવા ઘણી વખત આખો પાક પણ નિષ્ફળ જાય છે. જેમ કે આંબામાં વધારે પડતી મધીયા જીવાત લાગવાથી આખો પાક નિષ્ફળ જાય છે તેમજ વધારે પડતો રોગ લાગવાથી પણ ફળો ખરી જાય છે. તેમજ પુરો પાક નિષ્ફળ જાય છે.





દા.ત. આંબામાં પાવડરી મીલ્યુ રોગ, બોરમાં પણ પાવડરી મીલ્યુ રોગની અસરથી ફળોનો વિકાસ અટકી જાય છે અને બાદમાં ફળો ખરી પડે છે.

(૫) પાણી (પિયત) : પિયતનું પાણી ફળ ખરવામાં અગત્યનો ભાગ ભજવે છે. ફળ બેઠા પછી જો પુરતું પાણી ન મળે તેને કારણે ફળો ખરે છે તેમજ બે પિયત વચ્ચેનો ગાળો વારંવાર બદલતા રહેવાથી પણ ફળો ખરી જાય છે. એટલે પાકને જરૂર મુજબનું અને નિયમિત આપવુ જોઈએ.

ડો.એ. એમ. બુટાણી ,મદદનીશ પ્રાધ્યાપક અને
ડો. બી. વી. હુમર, સહ પ્રાધ્યાપક
બાગાયત મહાવિધાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,
જૂનાગઢ- ૩૬૨ ૦૦૧

આંતરીક પરિબળો :

(૧) ફલીનીકરણ બરાબર ન થવુ : જે ફળમાં કોઈ કારણોસર ફલીનીકરણ ન થયુ હોય અથવા ફલીનીકરણમાં ખામી હોય તો ગર્ભ થોડો સમય રહીને ખરી જતો હોય છે. ખાસ કરીને આંબામાં ગોટલી વગરની કેરી તથા ખારેકમાં બીજ વગરની ખારેક ખરી પડે છે.

(૨) આંતરીક હોર્મોન્સ પુરતા ન હોવાને કારણે : ઝાડ પોતે કુદરતી રીતે હોર્મોન્સ પેદા કરે છે અને ઝાડના બધા જ ભાગમાં પહોંચાડે છે. ઘણી વખત ઝાડ પૂરતા પ્રમાણમાં હોર્મોન્સ ઉત્પન્ન કરી ન શકવાને કારણે પણ ફળો ખરે છે અને ઘણી વખત વધારે પડતા દવા તથા નિંદણનાશક દવાના ઉપયોગથી ઝાડની અંદરના હોર્મોન્સનું પ્રમાણ વધ-ઘટ થાય છે જેના કારણે પણ ફળો ખરે છે.

(૩) કાર્બોહાઈડ્રેટ : નાઈટ્રોજન રેશિયો કોઈપણ ફળઝાડમાં ફુલ આવવા ફળ બેસવા અને ફળ ખરવા માટે સીએન રેશિયો ખાસ ભાગ ભજવે છે. એટલે જે તે ફળ પાકમાં સીએન રેશિયો પુરતા પ્રમાણમાં જળવાય એ અગત્યનું છે.

ઘણી વખત કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ વધારે હોય તો વધારે ફુલ આવે છે અને વધારે ફળ બેસે છે. પરંતુ ત્યારે જ જો નાઈટ્રોજનનું પ્રમાણ ઓછુ હોય તો બેસેલા ફળો અપુરતા પોષણને કારણે ખરી જાય છે તેમજ ઘણી વખત વધારે ફળો બેસે છે પરંતુ બધા જ ફળો રહેતા નથી અને અમુક ફળો ખરી પણ જાય છે.

(૪) ઝાડની ડાળીની અપરિપકવતા : ઘણી વખત ઝાડની ડાળી અપરિપકવ હોય છે પરંતુ અપરિપકવતાને કારણે બેસેલા ફળો ખરી પડતા હોય છે.

(૫) ફળમાં વજન હોવાથી : ઘણી વખત ફલીનીકરણ વગર ભૃણનો વિકાસ થાય છે, ફળ થાય છે પરંતુ ફળમાં બીજ ન હોવાથી બીજમાંથી ઉત્પન્ન થતાં હોર્મોન્સનો અભાવ હોવાથી ફળો ખરી જાય છે. કેરીમાં પણ ગોટલા (બીજ) વગરની કેરી થાય છે પરંતુ તે પુરતી વિકસતી નથી અને ખરી જાય છે. આ માટે ઘણા બધા પરિબળો જવાબદાર છે. વધારે પડતી દવા, વાતાવરણ અને વધારે પડતા હોર્મોન્સનો ઉપયોગ કરવાથી થાય છે.

ફળ ખરતાં અટકાવવા માટેના ઉપાયો :-

(૧) પુરતુ પોષણ અને પુરતાં અંતઃસ્ત્રાવ આપવા : વિકસતા ફળોને પુરતુ પોષણ મળી રહે એટલા માટે ફળ બેસે ત્યારે પુરતા ખાતરો આપવા. ખાસ કરીને આંબામાં ફળો ખરતા અટકાવવા કેરી વટાણા જેવડી થાય ત્યારે ૨૦ પીપીએમ એન.એ.એ. ૨ % યુરિયાનો ૧૫ દિવસના અંતરે બે વખત છંટકાવ કરવાથી ફળો ખરતાં અટકાવી શકાય છે.

(૨) વાતાવરણથી રક્ષણ : આબોહવાની અસરને આપણે પહોંચી વળતા નથી છતાં પણ વધારે પવન, વધારે ગરમ લુ થી ઝાડને રક્ષણ મળી રહે તે માટે બગીચાને ફરતી જીવંત વાડ બનાવવી. જેથી વાતાવરણની પ્રતિકૂળ પરિસ્થિતિથી થોડા પ્રમાણમાં અસર ઘટાડી પાકને બચાવી શકાય તેમજ વધારે પડતી ગરમી બચાવવા માટે જમીન ઉપર મલ્ચ કરવાથી કેરીમાં આવતી કપાસીને અટકાવી શકાય છે અને ફળ ખરતા અટકે છે.

(૩) સમયસરના પાક સંરક્ષણના પગલા : ફળ પાકમાં આવતા રોગ-જીવાતના નિયંત્રણ માટે પુરતા પગલા લેવા જરૂરી છે. ઘણી વખત રોગ આવી ગયા પછી પગલા લેવામાં આવે છે. જે યોગ્ય પધ્ધતિથી એટલે અગાઉથી પાક સંરક્ષણના પગલા લઈ પાકને બચાવવો જરૂરી છે.

(૪) નિયમિત પાણી આપવું : ફળ ઝાડમાં જયારે ફાલ લાગે ત્યાર બાદ ઝાડને પાણીની ઊણપ ન આવે તેમજ વધારે પાણી પણ થાય તેની ખાસ કાળજી રાખવી, એટલે કે નિયમિત અને જરૂરિયાત મુજબ પાણી આપવું. અનિયમિત પાણી આપવાથી ફળો વધારે ખરે છે. જેથી પાણી એ અગત્યનું પરિબળ હોય ફળ ખરતાં અટકાવવામાં નિયમિત પાણી આપવુ જરૂરી છે.

# "જીરુના પાકમાં આવતા રોગ અને તેનું વ્યવસ્થાપન"

મુખ્યત્વે જીરાની ખેતી રાજસ્થાન અને ગુજરાત તથા મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશના અમુક ભાગોમાં શીયાળા દરમિયાન થાય છે. તેનો ઉપયોગ ખોરાકમાં મસાલા તરીકે કરવામાં આવે છે. આયુર્વેદિક દવામાં પણ તેનો ઉપયોગ થાય છે. મોટા પાયા પર વાવેતર કરવામાં આવતા બીજ મસાલા પાકમાં મુખ્યત્વે જીરૂ, વરિયાળી, ધાણા અને મેથીનો સમાવેશ થાય છે. તેમાં પણ જીરૂનું વાવેતર સારા પ્રમાણમાં જોવા મળે છે. જીરુના પાકમાં ખાસ કરીને ગુજરાતમાં સવિશેષ નુકસાન કરતાં અને ઘણી વખત જીરુના પાકનો સદંતર નાશ કરતાં રોગોમાં કાળી ચરમી, સુકારો અને ભૂકી છારો મુખ્ય છે. જેની વિસ્તૃત સમજ નીચે મુજબ છે.

(૧) કાળિયો/કાળી ચરમી (**C.O. : Alternaria burnsii**):

લક્ષણોઃ બીજ પર તેમજ છોડનાં રોગિષ્ટ ભાગો પર રહેલ ફૂગ સક્રિય થઈ પાક લગભગ ૩૦ થી ૩૫ દિવસનો થાય અને વાતાવરણ સાનુકુળ હોય તો રોગના લક્ષણો છોડ પર દેખાય છે. શરૂઆતમાં રોગનું લક્ષણ જીરુના પાન પર ખુબ જ નાના થોડા દબાયેલા કથ્થઈ રંગના ટપકાંના રૂપમાં જોવા મળે છે. સાનુકૂળ વાતાવરણ વધારે સમય રહેતા આવા ટપકાનું કદ વધે છે અને આખા પાન રતાશ પડતાં કથ્થઈ રંગમાં ફેરવાઈ જાય છે. કુમળી ડાળીઓ પર લાંબા પટ્ટીવત ભુખરાથી બદામી રંગના ધાબા પડે છે. રોગિષ્ટ પાન અંતે સુકાઈ જાય છે. ડાળી પર ડાઘ પડે ત્યાંથી ઉપરનો ભાગ પાણીની ખેંચ હોય અને જે રીતે પાકના કુમળા ભાગ નમી પડે છે તેવી રીતે ઉપરની ટોચનો ભાગ નમી પડે છે અને છેલ્લે સુકાઈ જાય છે. થડ કુમળી ડાળી પરનો ચેપ છોડને ઝડપથી સુકવી નાખે છે અને તેના પર ઝાંકળ પડતાં આખા છોડ પર ફૂગના અસંખ્ય બિયારણો તૈયાર થાય છે. જે હવા દ્વારા ખેતરમાં તેમજ આજુબાજુના વિસ્તામાં રોગનો ફેલાવો ખુબ ઝડપથી કરે છે. પાક નાનો હોય ત્યારે રોગ લાગે તો છોડ ઉપર ફૂલ બેસતા પહેલા જ સુકાઈ જાય છે અને જો ફૂલ બેસવાની અવસ્થાએ જ લાગેલ હોય તો દાણા બેસે પણ ચીમળાયેલા, વજનમાં હલકા અને ફૂગના ઉગાવાવાળા હોવાથી કાળા રંગના જોવા મળે છે. ઘણી વખત અર્ધપરીપક્વ દાણા બંધાયેલ હોય અને રોગ લાગેતો દાણાની ગુણવત્તા ખુબજ હલકા





પ્રકારની થઈ જાય છે. રોગની શરૂઆત ખાસ કરીને વધારે પડતું ઘાટું વાવેતર તેમજ ક્યારાની પાછળના ભાગમાં પાણી ભરાઈ રહેતું હોય ત્યારથી થતી જોવા મળે છે. શિયાળાની ઋતુમાં ઘણી વખત કમોસમી વરસાદ માવઠું કે વરસાદના છાંટા ખરે કે વાદળા થાય ત્યારે આ રોગની વૃધ્ધિ અને ફેલાવો ખુબજ ઝડપ થી થાય છે અને મોટા ભાગે પાક નિષ્ફળ જાય છે. જીરુના ઉત્પાદનમાં કાળી ચરમી રોગથી લગભગ ૫૦ ટકા જેટલો ઘટાડો થાય છે અને ઓછી અસરવાળા છોડમાં દાણા અપૂરતા પોષાવાથી હલકા અને ઉતરતી ગુણવત્તા વાળા થાય છે. રોગની તીવ્રતા વધતાં ૧૦૦ ટકા સુધીપાક નિષ્ફળ જવા સંભવ છે.

ડો. વી. સી. ગઢીયા, ડો. આઈ.બી. કાપડીયા અને ડો. કે. ડી. શાહ

નિયંત્રણઃ

૧. એકજ જગ્યાએ જીરાનો પાક ન લેતાં દર વર્ષે અગાઉ જીરાનો પાક લીધેલ ન હોય ત્યાં જીરાનો પાક લેવો. ટૂંકમાં પાકની ફેરબદલી કરવી.

૨. જીરાના પાકની વાવણી નવેમ્બેર માસમાં ઠંડીની શરૂઆત થતાં કરવી. જીરાના પાકની વાવણી મધ્યમસર કરવી વધુ ઘાટા વાવેતરમાં રોગ વધુ આવે છે.

૩. ભેજવાળું વાતાવરણ રોગ માટે ખુબ જ સાનુકૂળ હોવાથી રાઈ, ઘઉં અને રજકા જેવા પાણીની વધુ જરૂરીયાતવાળા પાકોની બાજુમાં જીરુનું વાવેતર કરવાનું ટાળવું અથવા યોગ્ય અંતર રાખીને વાવેતર કરવું.

૪. પુંખીને વાવેતર કરવાને બદલે ૩૦ સે.મી. ના ગાળે ચાસમાં વાવણી કરવી અને પિયત બાદ આંતર ખેડ કરવી.

૫. જેમ બને તેમ ક્યારા નાના રાખવા અને હલકું પિયત આપવું. ક્યારાની પછાટે પાણી ભરાઈ રહેવા દેવું નહિ. વાદળછાયા અને ધુમ્મસવાળા વાતાવરણમાં પિયત આપવાનું ટાળવું.

૬. કોહવાયેલ છાણીયાં (ગળતીયાં) ખાતરનો ઉપયોગ કરવો. વધારે પડતું નાઈટ્રોજન યુક્ત ખાતર ન વાપરવું.

૭. આ રોગ બીજ દ્વારા પણ ફેલાતો હોવાથી રોગ મુક્ત બીજની પસંદગી કરવી તેમજ બીજને વાવતા પહેલાં મેન્કોઝેબ ૭૫% વે.પા. ૩ ગ્રામ અથવા થાયરમ ૭૫% એસ.ડી. ૩ ગ્રામ અથવા ટેબુકોનાઝોલ ૨% ડી.એસ. ૧.૨૫ ગ્રામ દવા પૈકી કોઈપણ એક ફૂગનાશક દવાનો એક કિલોગ્રામ બિયારણનો પટ આપવો.

૮.પાક ૩૫-૪૦ દિવસનો થાય ત્યારે મેન્કોઝેબ ૭૫% વે.પા. (૪૫ ગ્રામ/૧૫ લિટર પાણી)અથવા ડાયફેન્કોનાઝોલ ૨૫% ઈ.સી. (૧૫ મી.લિ./૧૫ લિટર પાણી) અથવા કાર્બેન્ડેઝીમ ૫૦% વે.પા. (૧૫ ગ્રામ/૧૫ લિટર પાણી) અથવા ટેબુકોનાઝોલ ૨૫.૯% ઈ.સી.(૧૫ મી.લિ./૧૫ લિટર પાણી) તેમજ ઉપરોક્ત દવા સાથે ૨૫ મી.લિ. સાબુનું સંતૃપ્ત દ્રાવણ મિશ્ર કરી છોડ ઉપર ધુમાડા સ્વરૂપે પડે અને બધા જ છોડ પુરેપુરા ભીંજાઈ જાય એ રીતે છાંટવું જોઈએ. આ રીતે ૧૦ દિવસના અંતરે વધુમાં વધુ ત્રણ છંટકાવ કરવાથી રોગનું અસરકારક રીતે નિયંત્રણ કરી શકાય છે.

(૨) સુકારો (**C.O. : Fusariumo xysproum f. sp. Cumini Foc**):

લક્ષણો : આ રોગ જમીન જન્ય ફ્યુઝેરીયમ નામની ફૂગ દ્વારા થાય છે. જીરૂનો છોડ પાણીની તાણ પડેને લંઘાય તેમ રોગકારક ફૂગના ચેપને લઈને પાણી આપેલ પાકમાં પણ છોડ લંઘાઈ છે. આ તંદુરસ્ત લાગતા છોડના અચાનક ઉપરના ફૂણા ડોકા, કૂમળી ડાળીઓ બીજા દિવસે નમી પડે છે. સામાન્ય રીતે ૨૫-૩૦ દિવસના છોડ થાય ત્યારે આ રોગ દેખાય છે. રોગનો ચેપ લાગેલ છોડ ત્યાર બાદ સુકાઈ જાય છે. છોડ પીળો પડવો એ સામાન્ય લક્ષણ નથી. રોગની શરૂઆત ખેતરમાં કુંડી-ગુંડીઓમાં જોવા મળે છે. જે ધીમે ધીમે વધારે વિસ્તારમાં પ્રસરે છે. રોગીષ્ટ છોડમાં દાણા બેસવાનો પ્રશ્ન જ નથી અને દાણા બાદ તેનો વિકાસ થતો નથી, તેથી દાણા ચીમળાયેલા વજનમાં હલકા, ઉતરતી ગુણવત્તાના હોય છે. નિયંત્રણઃ

૧. ભલામણ કરેલ ઊંચી ગુણવત્તા ધરાવતી જાતો જેવી કે ગુ.જી.-૩, ગુ.જી.-૨, ગુ.જી.-૪નું વાવેતર કરવું.

૨. ધાન્ય વર્ગના પાકોમાં પણ ખાસ કરીને જુવારનો પાક વાવી પાક ફેરબદલી કરવી. ચોમાસામાં જુવારનો પાક લેવાથી આ રોગ ઘટવાની શક્યતા રહે છે.

૩. છાણીયું ખાતર ૧૦ ટન/હે. અથવા દિવેલીનો ખોળ અથવા પોલ્ટ્રી ખાતર ૨.૫ ટન/ હે. આપવાથી રોગના પ્રમાણમાં ઘટાડો થાય છે. ઉનાળામાં ૨ થી ૩ વખત ઉંડી ખેડ કરવી.

૪. બીજને વાવતા પહેલાં મેન્કોઝેબ અથવા થાયરમ પૈકી કોઈપણ એક ફૂગનાશક દવાનો એક કિલોગ્રામ બિયારણ દીઠ ૩ ગ્રામ પ્રમાણે પટ આપવો.

૫. રોગની શરૂઆત થાય ત્યારે ફોઝેટાઈલ એ. એલ. ૧૫ ગ્રામ દવા ૧૫ લિટરપાણીમાં ભેળવી છંટકાવ કરવો.

ઉનાના ધોકડવા ગામે મતદાન કરી વલસાડ પહોંચે તે પહેલા બની કરૂણાંતિકા

# સાવરકુંડલાના સીમરણ નજીક ટ્રક-કાર વચ્ચે અકસ્માત : ત્રણના મોત

સાવરકુંડલા, તા.૧૯

અમરેલી જિલ્લામાં યમરાજાએ જાણે પડાવ નાખ્યો હોય તેમ સાવરકુંડલા નજીક આવેલા સીમરણ ગામ પાસે ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા માતા-પુત્રના ઘટનાસ્થળે જ મોત નિપજયા હતા જયારે અન્ય એક વ્યક્તિને સરવાર માટે લઈ જવાતા રસ્તામાં તેનુ પ્રાણપંખેરૂ ઉડી જતાં મૃત્યાંક ત્રણનો થયો છે. જાણવા મળતી માહિતી મુજબ સાવરકુંડલા-અમરેલી વચ્ચે આવેલા સીમરણ ગામ પાસે ટ્રક અને કાર સામસામે અથડાતા કારમાં સવાર બાધુબેન મનુભાઈ ગુજજર (ઉ.વ.પપ) ઉમેશભાઈ મનુભાઈ ગુજજર (ઉ.વ.૩૯) કૌશિક મનુભાઈ ગુજજર (ઉ.વ.૩૦) રહે. તમામ ધોકડવાનુ


તસવીર : સૌરભ દોષી

ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયુ હતુ. ગુજજર પરિવાર વલસાડ રહેતો હોય ત્યારે મતદાન કરવા માટે માતા - પિતા અને બે પુત્રો ધોકડવા ગયા હતાં. મતદાન કર્યા બાદ જાફરાબાદના મોટા માણસા ગામે ગયા હતાં. ત્યાંથી વલસાડ પરત જતાં હતાં ત્યારે સીમરણ ગામ નજીક આ કરૂણાંતિકા સર્જાઈ હતી. પિતાની નજર સામે જ બે જુવાનજોધ પુત્રો અને પત્નીએ દમ તોડી દેતા હાજર રહેલાં અનેક લોકોની આંખો ભીંજાવી હતી. ઈજાગ્રસ્ત મનુભાઈ ગુજજરને અમરેલી સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતના કારણે સમગ્ર પંથકમાં ગમગીનીનો માહોલ છવાયો છે. અકસ્માતની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને અકસ્માતનો ગૂનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હેડ કલાર્ક પરીક્ષાનું પેપર સાણંદ પ્રિન્ટિંગ પ્રેસમાંથી થયુ હતું લીક


ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં બહુચર્ચિત બનેલા પેપર લીક કૌભાંડ મામલે વધુ ૩ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. એટલે કે છેલ્લા ૩ દિવસમાં કુલ ૧૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે અમદાવાદના સિંગરવાથી દિપક નામનાં વ્યક્તિની ધરપકડ કરી છે. આ બાબતે ગાંધીનગરના રેન્જ આઈજી અભય ચુડાસમાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું છે કે, સાણંદમાં આવેલા પ્રિન્ટિંગ પ્રેસમાં હેડક્લાર્કનું પેપર લીક થયું હતું. તેમજ કિશોર આચાર્યએ ૯ લાખ રૂપિયામાં મંગેશને આ પેપર વેચ્યું હતું. દિપક પટેલ સિંગરવા હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ ચલાવે છે જેની ધરપકડ કરી લેવામાં આવી છે.

# ગ્રામ પંચાયત ચૂંટણીમાં ૬૫ થી ૭૦ ટકા મતદાન

ગાંધીનગર, તા. ૧૯

રાજયમાં આજે ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાઈ હતી. સાંજે ૭ વાગે મતદાન પૂર્ણ થયું હતું. જેમાં રાજયમાં અંદાજે સરેરાશ ૬૫ થી ૭૦ ટકા મતદાન નોંધાયું હતું. દક્ષિણ ગુજરાતમાં ૫૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૨ ટકા, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૬૦ ટકા, મધ્ય ગુજરાતમાં ૫૮ ટકા મતદાન થયું છે. ચુસ્ત પોલીસ



બંદોબસ્ત વચ્ચે થઈ રહેલા મતદાનમાં ક્યાંક નાના મોટા વિવાદ અને ઘર્ષણ પણ થયા છે. તો ક્યાંક આચારસંહિતા ભંગની ફરિયાદ પણ થઈ છે. શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તે માટે પોલીસ અધિકારીઓ પોલીસ જવાનો અને હોમગાર્ડ સહિતના સ્ટાફનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાઈ હતી. પાંચ જગ્યાએ મારામારીની ઘટના બની છે. જેમાં વડોદરા,વીરપુર, નર્મદા જીલ્લો,જૂનાગઢ અને ભરૂચમાં કેટલીક ઘટનાઓ બની છે.

## ચૂંટણી દરમિયાન ફરજ બજાવતા શિક્ષકનું મોત

અરવલ્લીમાં ચૂંટણી ફરજ દરમિયાન મલેકપુર પ્રાથમિક શાળાના આચાર્ય તરીકેની ફરજ બજાવતા દિનેશભાઈ પરમારનું નિધન થયું છે. શામળાજી પાસેના નવા વેણપુરમાં મતદાન મથકમાં ફરજ દરમિયાન તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો.

## મોરવા હડફમાં વિરનિયા ગ્રા.પં.ની ચૂંટણી રદ

પંચમહાલના મોરવા હડફની વિરનીયા ગ્રામ પંચાયતની ચૂંટણી રદ થઈ છે. ત્યાં આવતીકાલે ફરીથી મતદાન થશે. સરપંચ અને ઉમેદવારના ચિન્હ અંગે વિવાદ થતા ૩ મતદાન મથકો પર મતદાન સ્થગિત કરાયુ હતું. ફાળવણી કરાયેલ નિશાન વોટર પમ્પ હતો, જ્યારે કે બેલેટમાં પેટ્રોલ પમ્પ છપાયો હોવાના આક્ષેપ ઉઠ્યો હતો.

# સુરતના પાંડેસરામાં બે વેપારી યુવકની ચપ્પુના ઘા મારી હત્યા

સુરત,તા.૧૯

સુરતમાં પાંડેસરા તેરે નામ ચોકડી નજી બે વેપારીઓ પર જીવલેણ હુમલો કરી ૫ મિનિટમાં ચપ્પુના ૧૦-૧૫ ઘા મરાતા ૧૦ કલાકમાં બન્નેના મોત નીપજતા પોલીસ દોડતી થઈ ગઈ છે. હુમલાખોરોએ ભોળા નામના ઈસમની છાતી પર બેસી ઘા માર્યા હોવાનુ સામે આવ્યું છે.



હત્યારા બે પૈકી એકના ભાઈ સામે ૪ હત્યા કેસ ચાલી રહ્યા હોવાનું અને તડીપાર હોવા છતાં સુરતમાં જ રહેતો હોવાનું મરનારના મિત્રોએ જણાવ્યું છે. ઘટના શનિવારની રાતની છે. ભોલા ઉર્ફે શિવ શંકર સુભાષચંદ્ર જેસવાલ (ઉ.વ. ૩૨, રહે. પાંડેસરા રાધે શ્યામ નગર), પ્રવીણ બાબુલાલ સોલંકી (ઉ.વ. ૨૨, રહે. ગાયત્રી નગર, પાંડેસરા) બન્ને મિત્રો બંટી શુકલા સાથે ઉભા હતા. ત્યારે અચાનક બાઈક ઉપર આવેલા બે ઈસમોએ પ્રવીણ પર જીવલેણ હુમલો કરી ઉપરા ઉપરી ઘા મારી હુમલાખોરો ભાગી ગયા હતા.

# હવે ગાંધીનગરમાં ઓમિક્રોનની એન્ટ્રી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં સત્તાવાર રીતે ઓમિક્રોનની એન્ટ્રી થઈ ચૂકી છે. સેકટર-૧માં અઠવાડિયા અગાઉ લંડનથી આવેલા ૧૫ વર્ષીય વિદ્યાર્થીનો ઓમિક્રોન રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેને ખાનગી હોસ્પિટલમાં સઘન સારવાર આપવામાં આવી રહી છે. કિશોરના સંપર્કમાં આવેલા લોકોના રિપોર્ટ કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં અત્યારે ૧૦ જેટલા કેસ નોંધાયા છે. વાયબ્રન્ટ ટાણે પાટનગરમાં ઓમિક્રોનનો પ્રથમ કેસ સામે આવતા તંત્રની ચિંતા વધી છે.























